મંગળવાર, 17 ફેબ્રુઆરી, 2026 મહા વદ અમાસ

“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## વડોદરાની શાળાઓને ઈમેઈલથી બોમ્બની ધમકી મળતા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ

વડોદરામાં ગઈકાલ વહેલી સવારથી જ શૈક્ષણિક જગતમાં ખળભળાટ મચી ગયો છે, જ્યારે શહેરની પ્રતિષ્ઠિત શાળાઓને ઇમેઇલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ધમકીભર્યા ઇમેઇલ્સને પગલે વડોદરા પોલીસ તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવ્યું છે અને શહેરભરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે આ ઘટના અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, શહેરની કેટલીક શાળાઓને એક સમાન ધમકીભર્યા મેઇલ મળ્યા છે. આ પ્રકારની મોડસ ઓપરેન્ડી અગાઉ પણ જોવા મળી છે, જેમાં એરપોર્ટ, રેલવે સ્ટેશન અને હોટલોને નકલી ધમકીઓ આપીને ભય ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, આ વખતે શાળાઓ અને બાળકોની સુરક્ષાનો વિષય હોવાથી પોલીસ અત્યંત ગંભીરતાથી તપાસ કરી રહી છે. સાયબર એક્સપર્ટ્સ અને ટેકનિકલ ટીમો ઇમેઇલ ક્યાંથી ઓરિજિનેટ થયો છે તેની તપાસમાં લાગી ગઈ છે.

ધમકીના પગલે લેવાયેલા સુરક્ષાના પગલાં:

- સઘન તપાસ: શહેરની વિવિધ પોલીસ એજન્સીઓ દ્વારા શાળાઓમાં તપાસ હાથ ધરવામાં આવી છે.
- બોર્ડ પરીક્ષા સુરક્ષા: આગામી દિવસોમાં બોર્ડની પરીક્ષાઓ યોજાવાની છે, જેને ધ્યાનમાં રાખીને પરીક્ષા કેન્દ્રો અને શાળાઓની આસપાસ સુરક્ષા ઘેરો મજબૂત કરવામાં આવ્યો છે.
- સંચાલકો સાથે બેઠક: પોલીસ વિભાગ દ્વારા શાળાઓના સંચાલકો અને આચાર્યો સાથે તાકીદની બેઠક યોજવામાં આવશે, જેથી સુરક્ષા અંગેના જરૂરી દિશા-નિર્દેશો આપી શકાય.
- નિયમિત શિક્ષણ: પોલીસ કમિશનરે વાલીઓને આશ્વાસન આપ્યું છે કે પરિસ્થિતિ કાબૂમાં છે,અને આવતીકાલથી તમામ શાળાઓ નિયમિત રીતે શરૂ રહેશે. વડોદરા પોલીસે આ મામલે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. પ્રાથમિક દૃષ્ટિએ આ કોઈની તોફાની હરકત અથવા તો દહેશત ફેલાવવાનો પ્રયાસ હોવાનું જણાય છે. પોલીસ કમિશનરે વાલીઓને અપીલ કરી છે કે કોઈ પણ પ્રકારની ગભરાટ કે અફવાઓ પર ધ્યાન ન આપે અને જો કોઈ શંકાસ્પદ હિલચાલ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરે. બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માનસિક તણાવ વિના પોતાની તૈયારી કરી શકે તે માટે પોલીસ દ્વારા શાળાઓમાં વિશેષ પેટ્રોલિંગ અને દેખરેખ રાખવામાં આવશે.



**વડોદરાની વિવિધ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ઇમેઇલ દ્વારા ધમકી મળતા તંત્ર દોડતું થયું છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે તપાસના આદેશ આપી સુરક્ષા વધારી દીધી છે. બોર્ડની પરીક્ષાઓને ધ્યાને રાખી શાળાઓમાં વિશેષ દેખરેખ રાખવામાં આવશે અને શિક્ષણ કાર્ય રાબેતા મુજબ ચાલશે.**

## ગુજરાત ભાજપ દ્વારા ત્રણ જિલ્લામાં નવા પ્રમુખોની વરણી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત ભાજપે સંગઠન માળખામાં ફેરફાર કરી ત્રણ જિલ્લાઓમાં નવા સુકાનીઓની જાહેરાત કરી છે. પક્ષના હિતમાં અને જિલ્લા સ્તરે કામગીરીને વધુ સક્રિય બનાવવા માટે પ્રદેશ નેતૃત્વએ આ નિર્ણય લીધો છે. જાહેરાત મુજબ, વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે બળદેવ બ્રહ્મભટ્ટની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં સંગઠનની કમાન હાર્દિક ટમાલિયાને સોંપાઈ છે. ખાસ કરીને બનાસકાંઠા વિસ્તારમાં નવા જિલ્લા તરીકે ગણવામાં આવતા વાવ-થરાદ માટે નરેશ ઠાકોરને પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. વાવ-થરાદને નવા વિસ્તાર તરીકે ગણી ત્યાં સંગઠન ઊભું કરવા નરેશ ઠાકોરની વરણી સૂચક છે. વડોદરા અને સુરેન્દ્રનગરમાં પ્રદેશ માળખામાં થયેલા ફેરફારોને પગલે ખાલી પડેલી જગ્યાઓ પર આ નવી વરણીઓ કરવામાં આવી છે. આ તમામ નવા હોદ્દેદારો પક્ષના પાયાના કાર્યકરો સાથે સંકલન સાધીને આગામી દિવસોમાં સંગઠનને નવી ઊંચાઈ પર લઈ જશે તેવી પક્ષને અપેક્ષા છે.



## જેતલપુરમાં તાલિબાની સજા: લેડી ડોનની હાજરીમાં યુવકને ફટકાર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરામાં લુખ્ખાઓનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. જેતલપુર વિસ્તારમાં પ્રેમ પ્રકરણના વિવાદમાં એક યુવકને જાહેરમાં જે રીતે ટોર્ચર કરવામાં આવ્યો, તેણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર મોટા સવાલો ઉભા કર્યા છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં એક યુવતીની હાજરીમાં ત્રણ શખ્સો એક યુવકને નિર્દયતાથી ફટકારી રહ્યા છે. આ અસામાજિક તત્વોએ યુવકને ગાળો આપી, શારીરિક ઈજા પહોંચાડી અને સરેઆમ તેની પાસે ઉઠબેસ કરાવી તેને માનસિક રીતે તોડી પાડ્યો હતો.

આ ઘટનામાં યુવતીની ભૂમિકા કોઈ ‘લેડી ડોન’ જેવી જણાઈ રહી છે, જેની હાજરીમાં જ આ હિંસક ખેલ ખેલાયો હતો. શહેરના મધ્યમાં આટલી મોટી ઘટના બને અને પોલીસને ગંધ સુધ્ધાં ન આવે તે વહીવટી તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. વીડિયો વાયરલ થયા પછી પણ પોલીસ ચોપડે કોઈ ફરિયાદ નોંધાઈ નથી, કારણ કે મામલો સમાધાનમાં દબાવી દેવામાં આવ્યો છે. શું પોલીસ આવી તાલિબાની સજા આપનારાઓને છૂટો દોર આપશે? શું વડોદરા પોલીસ હવે માત્ર વીડિયો વાયરલ થવાની જ રાહ જોશે? ગુનેગારોમાં પોલીસનો ફફડાટ ઓછો થયો હોવાનું આ વીડિયો પુરાવો આપી રહ્યો છે. જનતા હવે પોલીસ કમિશનર પાસે આ મામલે કડક કાર્યવાહીની અપેક્ષા રાખી રહી.



**સંસ્કારી નગરી વડોદરામાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા છે! જેતલપુરમાં પ્રેમ પ્રકરણની શંકાએ એક યુવતીની હાજરીમાં યુવકને જાહેરમાં ઢોર માર મારી, ઉઠબેસ કરાવી અપમાનિત કરાયો હતો. પોલીસના ડર વગર અસામાજિક તત્વોએ જાહેરમાં જ તાલિબાની સજા ફટકારી છે.**

## ડભોઈ રેલવે ઓવરબ્રિજ કામગીરીમાં મજૂરોના જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઇ રેલવે સ્ટેશન પર નિર્માણાધીન ઓવરબ્રિજની કામગીરીમાં સુરક્ષાના નિયમોના સરેઆમ ધજાગરા ઉડી રહ્યા છે. રેલવેના કડક સુરક્ષા કાયદાઓ અને મોટી સેફ્ટી પોલિસી હોવા છતાં, ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ અત્યંત ગંભીર છે. 60 ફૂટની ઊંચાઈએ ભારે ક્રેન અને લોખંડના ગર્ડરો સાથે કામ કરતા મજૂરો પાસે નથી સેફ્ટી શૂઝ કે નથી હાર્નેસ બેલ્ટ. મજૂરો લપસણી સપાટી પર સાદા ચપ્પલ પહેરીને કામ કરી રહ્યા છે, જ્યાં એક નાનકડી ભૂલ પણ મોતને આમંત્રણ આપી શકે છે.

રેલવે તંત્ર દ્વારા ચલાવવામાં આવતા આ પ્રોજેક્ટમાં એન્જિનિયરોની ગેરહાજરી કે જાણીજોઈને કરાતી આંખ આડા કાનની નીતિ શંકાસ્પદ છે. લાખો-કરોડોના ખર્ચે બની રહેલા આ બ્રિજમાં ગરીબ શ્રમિકોના જીવની કિંમત કોન્ટ્રાક્ટર માટે શૂન્ય હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. જો ઉપરથી કોઈ વજનદાર વસ્તુ પડે તો નીચે ઉભેલા સેંકડો રેલ મુસાફરો પણ ભોગ બની શકે છે. શું તંત્ર કોઈ મોટી હોનારત પછી જ જાગશે? જનતામાં માંગ ઉઠી છે કે આ જોખમી કામગીરીમાં મજૂરોને તાત્કાલિક હેલ્મેટ, સેફ્ટી જેકેટ અને બેલ્ટ પૂરા પાડવામાં આવે અને બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવામાં આવે.

**ડભોઇ રેલવે સ્ટેશન પર 60 ફૂટની ઊંચાઈએ ઓવરબ્રિજની જોખમી કામગીરીમાં મજૂરોની સુરક્ષામાં ગંભીર બેદરકારી સામે આવી છે. હેલ્મેટ કે સેફ્ટી બેલ્ટ જેવા સાધનો વિના શ્રમિકો જીવના જોખમે કામ કરી રહ્યા છે, જે મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી શકે છે.**



## વડોદરા: કારેલીબાગમાં નવો બનેલો રોડ બેઠો, મોટો ભૂવો પડ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં પાલિકાના વહીવટમાં જાણે રસ્તાઓ નહીં પણ લોકોની ધીરજની કસોટી થઈ રહી છે. શહેરમાં બારે માસ ગમે ત્યાં ભૂવા પડવાનો સિલસિલો યથાવત છે. તાજેતરનો કિસ્સો કારેલીબાગ વિસ્તારનો છે, જ્યાં જૈન દેરાસર પાસે વ્યસ્ત રોડ પર અચાનક ભૂવો પડતા અફરાતફરી મચી ગઈ હતી. જે રસ્તા પર છ મહિના પહેલા જ લાખોના ખર્ચે કાર્પેટિંગ કરવામાં આવ્યું હતું, તે રસ્તો પહેલી સીઝનમાં જ જવાબ આપી ગયો છે. ભ્રષ્ટાચારના ગાબડા જેવા આ ભૂવાને કારણે વાહનચાલકો અટવાયા હતા. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે તંત્ર ઘોર નિદ્રામાં છે, જો લોકોએ ડાળીઓ અને પથ્થરો ન મૂક્યા હોત તો કોઈનું મોત પણ થઈ શકત. પાલિકા માત્ર ખાડા ખોદવામાં વ્યસ્ત છે અને તેની સીધી અસર રસ્તાની ગુણવત્તા પર પડી રહી છે. શું આ નબળી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવાશે કે પછી ફરી થીગડું મારીને સંતોષ મનાશે?




**વડોદરા પાલિકાના ભ્રષ્ટાચારનો વધુ એક નમૂનો! કારેલીબાગમાં માત્ર છ મહિના પહેલા જ કાર્પેટ થયેલો રસ્તો ધરાશાયી થયો છે. જૈન દેરાસર પાસે મોટો ભૂવો પડતા વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. સ્માર્ટ સિટીના નામે જનતાના ટેક્સના નાણાં ખાડામાં જઈ રહ્યા છે.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા જિલ્લા પંચાયતનું 39.52 કરોડનું બજેટ ભારે વિરોધ વચ્ચે મંજૂર

## વડોદરા જિલ્લા પંચાયતનું ₹39.52 કરોડનું બજેટ રજૂ કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ 2026-27 માટેનું ₹39.52 કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં શાસક પક્ષે વિકાસના દાવા કર્યા હતા, જ્યારે વિપક્ષે તેને 'કાગળ પરનું બજેટ' કહીને ભારે વિરોધ નોંધાવ્યો હતો.

બજેટની મુખ્ય જોગવાઈઓ: જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબા મહિડાએ બજેટ રજૂ કરતા જણાવ્યું કે આ વર્ષે સગર્ભા માતાઓના પોષણ માટે ઐતિહાસિક ₹70 લાખની જોગવાઈ કરવામાં આવી છે. તે સિવાય:

- જિલ્લા સભ્યોના વિકાસ કામો માટે: ₹2.04 કરોડ
- કુપોષિત બાળકોના પોષણ અભિયાન માટે: ₹30 લાખ
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સુવિધાઓ માટે: ₹50 લાખ
- શૈક્ષણિક અને બાળ ઉત્સવ પ્રવૃત્તિઓ માટે: ₹13.50 લાખ
- ક્ષેત્રમાં અન્ય સુવિધાઓ પૂરી પાડવા: ₹60 લાખની ફાળવણી કરાઈ છે.

બજેટની ચર્ચા દરમિયાન વિપક્ષી નેતા મુબારક પટેલે શાસક પક્ષને આડે હાથ લેતા જણાવ્યું હતું કે ગત વર્ષના બજેટના નાણાં હજુ વપરાયા નથી, તો નવા બજેટનો શું અર્થ? વિપક્ષે એક ગંભીર આક્ષેપ કર્યો કે ભાજપે બજેટના કવર પર સરદાર પટેલનો ફોટો તો છાપ્યો છે, પરંતુ સમાજ કલ્યાણ વિભાગમાં સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી માટે એક પણ રૂપિયો ફાળવ્યો નથી. આ બાબતને સરદાર પટેલનું અપમાન ગણાવી વિપક્ષી સભ્યો સભાના ફ્લોર પર બેસી ગયા હતા. સભામાં ભારે ખેંચતાણ અને સૂત્રોચ્ચાર વચ્ચે વાતાવરણ તંગ બન્યું હતું. અંતે, શાસક પક્ષ દ્વારા સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી માટે બજેટમાં નાણાંની ફાળવણી કરવાની ખાતરી આપવામાં આવી હતી. આ બાંયધરી બાદ વિપક્ષે વિરોધ સમેટી લીધો હતો અને ₹39.52 કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટ આગામી વર્ષમાં જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વિકાસની ગતિ કેવી રીતે જાળવી રાખે છે તે જોવું રહ્યું.



**વડોદરા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વર્ષ 2026-27નું ₹39.52 કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. પ્રમુખ ગાયત્રીબા મહિડાએ વિકાસ કાર્યો માટે ₹2.04 કરોડ અને સગર્ભા માતાઓના પોષણ માટે પ્રથમવાર ₹70 લાખની મહત્વની જોગવાઈ જાહેર કરી હતી. જોકે, વિપક્ષી નેતા મુબારક પટેલે આ બજેટને માત્ર કાગળ પર ગણાવી હોબાળો કર્યો હતો. વિપક્ષે સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી માટે નાણાં ન ફાળવાયાનો આક્ષેપ કરી ફ્લોર પર બેસી વિરોધ નોંધાવ્યો હતો, જે બાદ બાંયધરી મળતા બજેટ મંજૂર કરાયું હતું.**

# વાંકાનેડામાં મહિલા જાગૃતિ કાર્યક્રમ: સરકારી યોજનાઓનું માર્ગદર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** ડેસર તાલુકાના વાંકાનેડા ગામે મહિલા સશક્તિકરણની દિશામાં એક મહત્વનું કદમ ઉઠાવતા 'મહિલા જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં વડોદરા મહિલા અને બાળ અધિકારી કચેરી તથા સ્થાનિક વાંકાનેડા યુથ સંકલ્પ - યુવક મંડળનો નોંધપાત્ર સહયોગ રહ્યો હતો. આ કાર્યક્રમમાં બહુઆયામી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલા PSI મેડમે સ્ત્રી સુરક્ષા અને કાયદાકીય અધિકારો વિશે જાગૃત કર્યા હતા. મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી આવેલા પામેશભાઈ અને તેમની ટીમે વિવિધ સરકારી યોજનાઓ અને તેના ફોર્મ ભરવા અંગેની પ્રક્રિયા સમજાવી હતી. આ ઉપરાંત, જિલ્લા પ્રાકૃતિક કૃષિ બોર્ડના અજયભાઈએ મહિલાઓને ઝેરમુક્ત ખેતી તરફ વળવા પ્રોત્સાહિત કર્યા હતા, જ્યારે પોસ્ટ વિભાગના અધિકારીઓએ સુરક્ષિત રોકાણ અને બચત યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર આયોજન અત્યંત વ્યવસ્થિત રહ્યું હતું અને મહિલાઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો. ગ્રામજનોએ પ્રતિસાદ આપતા જણાવ્યું હતું કે, જો વિવિધ વિભાગોના અધિકારીઓ આ રીતે સીધા ગામડાઓમાં આવીને માહિતી આપે તો યોજનાઓનો અમલ વધુ અસરકારક બની શકે છે. આ કાર્યક્રમથી વાંકાનેડાની મહિલાઓમાં જાગૃતિનો નવો સંચાર થયો છે.




રિપોર્ટ : કિરણસિંહ સોલંકી

# લોયોલા સ્કૂલ ઉચાપત કેસ: એકાઉન્ટન્ટને જેલ સજા

**દૈનિક પલ્સ સમાચાર:** જેની પર હિસાબની જવાબદારી હતી, તેણે જ કરોડોનો ચૂનો લગાવ્યો! અમદાવાદની સેંટ ઝેવીયર્સ લોયોલા સ્કૂલમાં 3.21 કરોડની ગંભીર ઉચાપત મામલે કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. મહિલા એકાઉન્ટન્ટ મનીષા વસાવા, જે છેલ્લા બે દાયકાથી શાળામાં કાર્યરત હતી, તેણે પૂર્વ પ્રિન્સિપાલ ફાધર ચાર્લ્સની બોગસ સહીઓ કરી બેંક ખાતાઓમાંથી કરોડો રૂપિયા પોતાના 'ડીડક્શન ખાતા'માં ટ્રાન્સફર કર્યા હતા. એટલું જ નહીં, ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓએ ભરેલી 33 લાખથી વધુની રોકડ ફી પણ શાળાના ખાતામાં જમા કરાવવાને બદલે ખિસ્સામાં નાખી દીધી હતી. જ્યારે ઓડિટર તપાસ શરૂ કરી ત્યારે આ પાપનો ઘડો ફૂટ્યો હતો. મેટ્રોકોર્ટે આ ઘટનાને અત્યંત ગંભીર ગણાવી છે. સરકારી વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખીને એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે આરોપી મનીષા, તેના પતિ ધીરેન અને અન્ય એક સાથીને 3-3 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ચુકાદાએ સાબિત કર્યું છે કે ભલે ગમે તેટલો વિશ્વાસુ કર્મચારી હોય, જો કાયદા સાથે રમત રમશે તો જેલના સળિયા ગણવા.

**અમદાવાદની પ્રતિષ્ઠિત સેંટ ઝેવીયર્સ લોયોલા સ્કૂલમાં વિશ્વાસઘાતનું પરાકાષ્ઠા! 21 વર્ષની નોકરી પછી મહિલા એકાઉન્ટન્ટે પૂર્વ આચાર્યની બોગસ સહીઓ કરી 3.21 કરોડ રૂપિયા ઓળવી લીધા. મેટ્રોકોર્ટે દયા રાખ્યા વગર મુખ્ય આરોપી સહિત ત્રણને 3-3 વર્ષની જેલ ફટકારી છે.**

## વડોદરા: વોર્ડ 8 ભાજપ પ્રમુખ અને મહામંત્રીના રાજીનામા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ચૂંટણીના માહોલ વચ્ચે ભાજપ સંગઠનમાં ભંગાણના સંકેતો મળી રહ્યા છે. વોર્ડ નં. 8 ના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડાએ પોતાના પદ પરથી રાજીનામું ધરી દેતા ખળભળાટ મચ્યો છે. શહેર ભાજપ પ્રમુખના જણાવ્યા અનુસાર, આ બંને હોદ્દેદારોએ સ્વેચ્છાએ અંગત કારણોસર રાજીનામું આપ્યું છે.

જોકે, આ રાજીનામા પાછળ જમીન કરોડિયા વિસ્તારમાં સરકારી જમીન વેચવાના વિવાદિત મામલાને જોડવામાં આવી રહ્યો છે. આ કથિત કૌભાંડમાં બંને નેતાઓના નામ ઉછળતા પક્ષની છબી ખરડાઈ હતી. રાજીનામું આપ્યા બાદ વિપુલ બારોટે સ્પષ્ટતા કરી છે કે તેઓ ૧૦ વર્ષથી પક્ષ માટે સમર્પિત છે અને તેમની સામેના આક્ષેપો પાયાવિહોણા છે, જેની યોગ્ય તપાસ થવી જરૂરી છે. બીજી તરફ, શહેર પ્રમુખે ખાતરી આપી છે કે કોર્પોરેશન આ મામલે તપાસ કરી રહ્યું છે અને જો કોઈ કસૂરવાર જણાશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## વડોદરા: બાઇકની અડફેટે 5 વર્ષના ધર્વનું કરૂણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સુસેન સર્કલ પાસે સર્જાયેલા અકસ્માતે એક હસતા-રમતા પરિવારની ખુશીઓ છીનવી લીધી છે. રોડ ક્રોસ કરી રહેલા માતા જુહી અને 5 વર્ષના પુત્ર ધર્વને પૂરપાટ ઝડપે આવતા બાઇક સવારે અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં માસૂમ ધર્વનું સ્થળ પર જ મોત થયું હતું. કરૂણતા એ છે કે, અકસ્માતના માત્ર એક દિવસ પહેલા જ ધર્વએ તેની સ્કૂલના એન્યુઅલ ફંક્શનમાં ડાન્સ કર્યો હતો અને ખુશખુશાલ જોવા મળ્યો હતો.

ડિવોર્સી જુહી માટે તેનો દીકરો જ તેની દુનિયા હતો, જે હવે છીનવાઈ ગઈ છે. હોસ્પિટલના બિછાનેથી ગંભીર રીતે ઇજાગ્રસ્ત માતા સતત પોતાના પુત્રને મળવાની જીદ કરી રહી છે. બાઇક પર સવાર ત્રણ પૈકી બે શખ્સો અકસ્માત સર્જીને નાસી છૂટ્યા હતા, જ્યારે એક ઇજાગ્રસ્તને સારવાર બાદ રજા અપાઈ છે. માંજલપુર પોલીસે ફરાર શખ્સોને પકડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## ખડકી પાસે બાઈકની ટક્કરે આધેડનું સારવાર દરમિયાન મોત

**દૈનિક પલ્સ સમાચાર:** ગોધરા-વડોદરા હાઈવે પર માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે, જેમાં ખડકી ગામ પાસે એક આધેડ વ્યક્તિનો ભોગ લેવાયો છે. મૃતક રયજીભાઈ શંકરભાઈ પટેલ (ઉંમર વર્ષ 50) જ્યારે હાઈવે ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે અચાનક કાળ બનીને આવેલા એક બાઈક ચાલકે તેમને અડફેટે લીધા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, બાઈક ચાલક અત્યંત ઝડપમાં હતો, જેના કારણે રયજીભાઈને બચવાની તક મળી નહોતી.

અકસ્માત બાદ સ્થાનિક રહીશોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી અને ઇજાગ્રસ્ત રયજીભાઈને તાત્કાલિક ગોધરાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તેમને બચાવવા પૂરતા પ્રયાસો કર્યા હતા, પરંતુ ગંભીર આંતરિક ઈજાઓને કારણે સારવાર કારગત નીવડી નહોતી અને તેમણે હોસ્પિટલમાં જ દમ તોડ્યો હતો. આ ઘટનાની જાણ થતાં વેજલપુર પોલીસની ટીમ હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત સર્જનાર બાઈક ચાલક સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. રયજીભાઈના પાર્થિવ દેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હાઈવે પર રોડ ક્રોસિંગ દરમિયાન પૂરતી સાવચેતી રાખવી અને વાહનોની ગતિ મર્યાદિત રાખવી કેટલી જરૂરી છે તે આ ઘટના ફરી એકવાર યાદ અપાવે છે. પંથકમાં આ અકસ્માતને લઈને ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫

# વાંકાનેડા ગ્રામપંચાયત: જિલ્લા કક્ષાની તપાસ ટીમ દ્વારા સ્થળ તપાસ

**દૈનિક પલ્સ સમાચાર:** વાંકાનેડા ગ્રામપંચાયત સામેની રજૂઆતોના અનુસંધાને જિલ્લા કક્ષાની તપાસ ટીમ દ્વારા આજે મહત્વપૂર્ણ સ્થળ તપાસ કરવામાં આવી હતી. ગ્રામજનો લાંબા સમયથી આ તપાસની પ્રક્રિયા શરૂ થાય તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આ પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં તાલુકા કક્ષાએ તપાસ પૂર્ણ કરી તેનો રિપોર્ટ ઉચ્ચ કક્ષાએ મોકલાયો હતો. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા નિમાયેલી વિશેષ તપાસ ટીમે આજે પંચાયત કચેરી ખાતે ધામા નાખ્યા હતા. તપાસ દરમિયાન ટીમે પંચાયતના વિવિધ દસ્તાવેજો, નાણાકીય વ્યવહારો અને થયેલા વિકાસકાર્યોની ભૌતિક ચકાસણી કરી હતી. ગ્રામજનોએ આ પ્રક્રિયામાં સહકાર આપતા સંતોષ વ્યક્ત કર્યો છે અને તપાસ યોગ્ય રીતે આગળ વધી રહી હોવાનું જણાવ્યું છે. હવે ગ્રામજનોની મુખ્ય અપેક્ષા એ છે કે જિલ્લા તપાસ ટીમ દ્વારા વિગતવાર અહેવાલ વહેલી તકે રજૂ કરવામાં આવે. વાંકાનેડા ગામમાં હાલ આ તપાસને લઈને ભારે ચર્ચા અને ઉત્સુકતા જોવા મળી રહી છે. લોકોનો મત છે કે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ અહેવાલના આધારે કોઈ નક્કર અને પારદર્શક નિર્ણય લેવામાં આવે. ગ્રામજનોનું માનવું છે કે યોગ્ય તપાસ અને સમયસરનો નિર્ણય જ ગામમાં સુશાસન અને ન્યાયની સ્થાપના કરશે. રજૂઆત કરનાર ગ્રામજનો હવે જિલ્લા સ્તરના અંતિમ આદેશની રાહ જોઈ રહ્યા છે.



રિપોર્ટ : કિરણસિંહ સોલંકી

## એક્સપ્રેસ હાઈવે પર વોશિંગ મશીનમાંથી દારૂ ઝડપાયો



**દૈનિક પલ્સ સમાચાર:** સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થતા એક કન્ટેનરમાંથી ₹41.73 લાખની કિંમતની વિદેશી દારૂની 8520 બોટલો મળી આવી છે. આરોપીઓએ દારૂ છુપાવવા માટે વોશિંગ મશીન અને ચીમનીના બોક્સનો સહારો લીધો હતો. એલસીબીની ટીમે કન્ટેનર અને મોબાઈલ સહિત કુલ ₹64.23 લાખનો મુદ્દામાલ કબજે કરી હરિયાણાના બે શખ્સોને ઝડપી લીધા છે. આ જથ્થો મોકલનાર અન્ય બે શખ્સોને પકડવા તપાસ તેજ કરી છે.

## નવભારત સાક્ષરતા અભિયાન: 15 થી 60 વર્ષના નિરક્ષરોનો સર્વે



**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં સાક્ષરતાનો દર ઊંચો લાવવા કેન્દ્ર સરકારના 'નવભારત સાક્ષરતા કાર્યક્રમ' હેઠળ વિશેષ આયોજન કરાયું છે. 15 થી 60 વર્ષના નિરક્ષર નાગરિકોને શોધી તેમને વાંચતા-લખતા કરવા માટે શિક્ષકો અને તલાટીઓ દ્વારા સંયુક્ત સર્વે હાથ ધરાશે. દીક્ષા પોર્ટલના માધ્યમથી શિક્ષણ આપીને આ નાગરિકોને માર્ચ મહિનામાં લેવાનારી સાક્ષરતા પરીક્ષા માટે તૈયાર કરવામાં આવશે. આ અભિયાનમાં સ્વયંસેવકોની મદદથી પાયાનું ગણિતીય અને અક્ષર જ્ઞાન પૂરું પાડવામાં આવશે.

## કરજણ: લગ્ન પ્રસંગથી પરત ફરતા મિત્રોની કારને અકસ્માત



**દૈનિક પલ્સ સમાચાર:** કરજણના કંડારી ગામ પાસે મોડી રાત્રે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. વડોદરાના વાઘોડિયા રોડ પર રહેતા પાંચ મિત્રો લગ્ન પ્રસંગે કરજણ આવ્યા હતા. પરત ફરતી વખતે કંડારી પાસેના વળાંક પર કાર ડિવાઈડર સાથે અથડાઈને ત્રણ પલટી ખાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ઉત્સવ પટેલ નામના યુવકનું કમકમાટીભર્યું મોત થયું છે, જ્યારે ઘાયલ પાંચ મિત્રોને સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા છે.

# ડાંગના રાજાઓ અને ઐતિહાસિક ડાંગ દરબારની ગૌરવશાળી વિકાસગાથા

## ડાંગના રજવાડા અને ડાંગ દરબારનો રોચક ઇતિહાસ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ: ગુજરાતનો પ્રાકૃતિક બગીચો ગણાતા ડાંગ જિલ્લાનો ઇતિહાસ શૌર્ય અને પરંપરાઓથી છલકાય છે. માજી ધારાસભ્ય અને સંશોધનકર્તા શ્રી ગોવિંદભાઈ પટેલ (બાગુલ) ના લેખો દ્વારા ડાંગના ઇતિહાસના કેટલાક અલભ્ય પ્રસંગો નવી પેઢી માટે પ્રસ્તુત થયા છે. જે ડાંગને ક્યારેક બહારના લોકો 'અંધારિયા ખંડ' કહેતા હતા, તે આજે વૈશ્વિક પ્રવાસન અને અભ્યાસનું કેન્દ્ર બન્યું છે. ડાંગના ગાઢ જંગલોમાં વર્ષો પહેલા ભીલ જાતિના ૫ મુખ્ય રાજાઓ અને ૯ નાયકોનું શાસન હતું. ગાઢવી, લીંગા, દહેર, વાસુર્ણા અને પીંપરી જેવા સ્ટેટ્સ આ જંગલની ભૂમિને પ્રાણથી વધુ ચાહતા હતા. ૧૮૧૮માં અંગ્રેજોએ ડાંગના સમૃદ્ધ જંગલો પર કબજો કરવા પ્રયાસો કર્યા ત્યારે અનેક નાયકોએ શહીદી વહોરી હતી. અંતે ૧૮૪૧માં અંગ્રેજો અને રાજાઓ વચ્ચે કરાર થયા અને ૧૮૪૨થી આહવા ખાતે 'ડાંગ દરબાર' ભરી રાજાઓને જંગલના બદલામાં વર્ષાસન આપવાનું શરૂ થયું. ૧૯૬૦માં જ્યારે ગુજરાત રાજ્યની સ્થાપના થઈ, ત્યારે ડાંગ ગુજરાતનો ભાગ બન્યું. તત્કાલીન મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાએ ડાંગના વિકાસ માટે દેવા માફી અને 'ડાંગ રિઝર્વ ફંડ' ઉભું કરવાની ઐતિહાસિક માંગણીઓ સ્વીકારી હતી. આ નિર્ણયને કારણે ડાંગના લોકોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી અને વિકાસના નવા દ્વાર ખુલ્યા હતા. ડાંગના રાજાઓનો પહેરવેશ આજે પણ આકર્ષણનું કેન્દ્ર છે. સફેદ મોટી પાઘડી, જેનું અપમાન તેઓ ક્યારેય સહન ન કરતા, તેમની શાન હતી. તેઓ ત્રણ સફેદ ધોતીનો ઉપયોગ કરતા અને શરીર પર સોના-ચાંદીના કિંમતી આભૂષણો ધારણ કરતા. કાનમાં સોનાના કુંડળ, પાઘડીમાં કલગી અને હાથમાં કડા એ રાજાઓના જાજરમાન વ્યક્તિત્વના પ્રતીકો હતા. રાજાઓ ભલે તે સમયે ભણેલા ન હતા, પણ તેઓ અત્યંત વફાદાર, ભોળા અને બુદ્ધિશાળી હતા.

આજે ડાંગ જિલ્લો અન્ય વિકસિત પ્રદેશો સાથે ખભેખભો મિલાવીને પ્રગતિ કરી રહ્યો છે. આ ઇતિહાસ ડાંગની સંસ્કૃતિ અને તેની અસ્મિતાના સાચા દર્શન કરાવે છે.



રિપોર્ટ:સચિન પવાર/ડાંગ

**ડાંગ જિલ્લો આજે ભલે વિકાસની હરણફાળ ભરી રહ્યો હોય, પણ તેનો ઇતિહાસ રાજાઓ અને રજવાડાઓની શૌર્યગાથાથી ભરેલો છે. સંશોધનકર્તા ગોવિંદભાઈ પટેલના જણાવ્યા મુજબ, અગાઉ ડાંગમાં ૫ ભીલ રાજાઓ અને ૯ નાયકોનું શાસન હતું, જેઓ જંગલને પ્રાણથી વધુ ચાહતા. અંગ્રેજોએ ૧૮૪૨માં આહવા ખાતે પ્રથમ 'ડાંગ દરબાર' ભરી જંગલના બદલામાં રાજાઓને વર્ષાસન આપવાની શરૂઆત કરી હતી. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના સાથે ડાંગ ગુજરાતનો હિસ્સો બન્યું. ડાંગના રાજાઓનો સફેદ ત્રણ ધોતી અને ભવ્ય પાઘડી વાળો પહેરવેશ તેમની ખમીરવંતી ઓળખ આજે પણ જાળવી રહ્યો છે.**

# વિનય મંદિર વૃંદાવન: SSC-HSC વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વ મંગલમ અનેરા સંચાલિત વિનય મંદિર વૃંદાવન ખાતે આજે ભક્તિ અને ઉત્સાહભર્યા માહોલમાં SSC અને HSCના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ તથા વાર્ષિક ઇનામ વિતરણ સમારોહ સંપન્ન થયો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મંડળના સભ્યો શ્રી અતુલભાઈ, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી કનુભાઈ, શ્રીમતી શારદાબેન અને શ્રી શશિકાન્તભાઈએ હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આચાર્ય શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલે મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. મુખ્ય વક્તા તરીકે શ્રી અતુલભાઈએ વિદ્યાર્થીઓને પરીક્ષાના તણાવથી દૂર રહી આત્મવિશ્વાસ સાથે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શ્રીમતી શારદાબેન અને શ્રી કનુભાઈએ પણ પોતાના ઉદબોધનમાં વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યા હતા. શાળાના વર્ષ દરમિયાનની વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓના વિજેતાઓને ઇનામો આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમના બીજા તબક્કામાં ટ્રસ્ટીઓએ વૃંદાવન કેમ્પસના તમામ કર્મચારીઓ સાથે ખાસ મિટિંગ યોજી હતી, જેમાં કેમ્પસની શૈક્ષણિક ગુણવત્તા અને વ્યવસ્થાઓને વધુ સુદ્રઢ બનાવવા અંગે માર્ગદર્શન અપાયું હતું. શિક્ષક શ્રી હરેશભાઈએ પણ વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એન.ડી. લેઉવા દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતમાં શ્રીમતી પી.પી. પંચાલે સર્વેનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં કેમ્પસના તમામ કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.



રિપોર્ટ : સોમાજી ચૌહાણ

# વડોદરાના અલકાપુરીમાં પેટ્રોલ પંપ પાસે કારમાં લાગી આગ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં આવેલા ભારત પેટ્રોલ પંપ પાસે આજે એક ચાલુ કારમાં અચાનક આગ ફાટી નીકળતા ભયનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, કાર ચાલકે પેટ્રોલ પુરાવ્યા બાદ જેવી ગાડી ચાલુ કરી કે તરત જ એન્જિનમાં ખામી સર્જાઈ હતી. મિસ-ફાયરિંગ સાથે જ કારમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. કાર ચાલકે સમય પારખીને તાત્કાલિક ગાડી ઉભી રાખી બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. પેટ્રોલ પંપ જેવી સંવેદનશીલ જગ્યાની નજીક આગ લાગતા આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીથી મોટી દુર્ઘટના અટકી હતી. વાહન માલિકોએ આવી ઘટનાઓ ટાળવા માટે સમયાંતરે ઇલેક્ટ્રિકલ સિસ્ટમની તપાસ કરાવવી અનિવાર્ય છે.

**વડોદરાના અલકાપુરી વિસ્તારમાં ભારત પેટ્રોલ પંપ પાસે એક કારમાં અચાનક આગ લાગતા દોડધામ મચી હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગમાં ચાલક સમયસર બહાર નીકળી જતા જાનહાનિ ટળી હતી. ફાયર બ્રિગેડે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.**




# ડાંગ: ઢોલીયાઉંબર ગામે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે અપાઈ તાલીમ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે માળગા ક્લસ્ટરમાં આવેલા ઢોલીયાઉંબર ગામે પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સી.આર.પી રાજુભાઈ અને કૃષિ સખી રાધાબેને મુખ્ય માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહી ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે સમજાવ્યું હતું. તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને રાસાયણિક ખાતરો અને દવાઓના જોખમોથી માહિતગાર કરી પ્રાકૃતિક પદ્ધતિ તરફ વાળવાનો હતો. ખેડૂતોને જીવામૃત અને ઘન જીવામૃત કઈ રીતે તૈયાર કરવા અને તેનો ખેતરમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. તજજ્ઞોએ જણાવ્યું કે આ પદ્ધતિના ઉપયોગથી જમીનમાં અળસિયા અને ઉપયોગી બેક્ટેરિયા વધે છે, જે જમીનની ફળદ્રુપતામાં સીધો વધારો કરે છે. વધુમાં, ખેડૂતોને જણાવવામાં આવ્યું કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ખર્ચ ઘટે છે અને પાકની ગુણવત્તા સુધરે છે. જો ખેડૂત ઝેરમુક્ત અનાજ અને શાકભાજીની ખેતી કરશે તો તેનાથી માત્ર ખેડૂતનો જ ફાયદો નથી, પરંતુ આખું સમાજ તંદુરસ્ત રહેશે. ડાંગના પહાડી વિસ્તારોમાં પ્રાકૃતિક ખેતી માટે ખૂબ જ સાનુકૂળ વાતાવરણ હોવાથી ખેડૂતોને તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.




રિપોર્ટ:સચિન પવાર/ડાંગ

**ડાંગના સુબીર તાલુકાના ઢોલીયાઉંબર ગામે પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાઈ હતી. જેમાં ખેડૂતોને જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિ વિશે માર્ગદર્શન આપી ઝેરમુક્ત ખેતી દ્વારા જમીન અને સ્વાસ્થ્ય બંને સુધારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.**

# વડોદરાના ખટંબામાં ગટર સફાઈ દરમિયાન ગૂંગળામણથી બે શ્રમિકોના મોત

**દૈનિક પલ્સ સમાચાર**: વિકાસના નામે ચાલતા પ્રોજેક્ટ્સમાં શ્રમિકોનું શોષણ અને મોતનો ખેલ ક્યારે અટકશે? વડોદરા નજીક ખટંબા ગામે ગટર લાઈનની સફાઈ અને રીપેરીંગ દરમિયાન બે શ્રમિકોના મોતે તંત્રની આંખ ઉઘાડી છે. કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીના કારણે અક્ષય ભાભોર અને વિપુલ માંગરોલિયા નામના બે યુવાનોએ ઝેરી ગેસને કારણે ગૂંગળાઈને જીવ ગુમાવ્યા છે.

મહેસાણાના કોન્ટ્રાક્ટર જયંતિ અંબાલાલ પટેલે વુડા પાસેથી કોન્ટ્રાક્ટ લીધા બાદ શરતોનો ભંગ કરી અમદાવાદના સંજય ખૂટને પેટા કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ બંને એજન્સીઓ જાણીતી હતી કે ગેસ ગળતર જીવલેણ બની શકે છે, તેમ છતાં શ્રમિકોને ગ્લવ્ઝ, ફેસમાસ્ક, હાર્નેસ કે ઓક્સિજન કિટ જેવા સુરક્ષાના સાધનો વગર જ ૨૦ ફૂટ ઊંડી ગટરમાં ઉતારી દેવામાં આવ્યા હતા. આ સીધી રીતે બેદરકારી નહીં પણ માનવવધ છે.

વરણામા પોલીસે મૃતકના ભાઈની ફરિયાદના આધારે બંને કોન્ટ્રાક્ટરો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ સાપરાધ માનવવધનો ગુનો દાખલ કર્યો છે. DySP મિલન મોદીએ પુષ્ટિ કરી છે કે આ કેસમાં એટ્રોસિટી એક્ટ અને મેન્યુઅલ સ્કેવેન્જિંગ (હાથેથી ગટર સાફ કરવી) એક્ટની ગંભીર કલમો પણ ઉમેરવામાં આવી છે. પોલીસ હવે આ બંને ભાગેડુ કોન્ટ્રાક્ટરોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ગટર સફાઈ માટે મશીનોનો ઉપયોગ ફરજિયાત હોવા છતાં કોન્ટ્રાક્ટરો પૈસા બચાવવા માટે માણસોના જીવ જોખમમાં મૂકે છે. ખટંબાની આ ઘટનાએ સરકારની કામગીરી અને કોન્ટ્રાક્ટરોની સંવેદનહીનતા પર પ્રહાર કર્યો છે. શું આ નિર્દોષ શ્રમિકોના પરિવારોને ન્યાય મળશે? આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ કરનારા કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરી આજીવન જેલની સજા થવી જોઈએ તેવી માંગ ઉઠી છે. 'દૈનિક પલ્સ સમાચાર' આ કેસની પળેપળની અપડેટ આપતું રહેશે.



**માનવતાને શર્મસાર કરતી ઘટના વડોદરાના ખટંબા ગામે બની છે. વુડા (VUDA) ના ડ્રેનેજ પ્રોજેક્ટમાં પેટા કોન્ટ્રાક્ટ આપીને શ્રમિકોના જીવ સાથે ખેલ ખેલાયો છે. સેફ્ટી ગ્લવ્ઝ, માસ્ક કે ઓક્સિજન સિલિન્ડર જેવી પાયાની સુવિધા આપ્યા વિના જ બે યુવાનોને ગટરમાં ઉતારી દેવામાં આવ્યા હતા. ગેસની ઝેરી અસરથી બંનેના ગૂંગળામણના કારણે કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. નફા માટે ગરીબોના જીવ લેનારા કોન્ટ્રાક્ટર જયંતિ પટેલ અને સંજય ખૂટ સામે વરણામા પોલીસે ગુનો દાખલ કર્યો છે. શું આ નફાખોરોને ફાંસી થશે કે કાયદાની છટકબારીમાં છૂટી જશે?**

# વડોદરાને નશામુક્ત બનાવવાના અભિયાનમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ASIનું સન્માન

## વડોદરા: નશાના સોદાગરોને જેલ ભેગા કરનાર ASIનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરને નશામુક્ત બનાવવાના મક્કમ નિર્ધાર સાથે વડોદરા પોલીસ કમિશનર શ્રી નરસિંહા કોમારની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ સતત કાર્યરત છે. આ અભિયાનમાં ગુનેગારો સામે કાયદાકીય મોરચે લડત આપનાર એ.એસ.આઈ. રાજેશભાઈ રણછોડભાઈ બારીયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું છે.

કોઈપણ ગુનામાં આરોપીને પકડવા કરતા પણ તેને સજા અપાવવા માટે મજબૂત પુરાવાઓ હોવા અત્યંત જરૂરી છે. ઘણીવાર દસ્તાવેજોના અભાવે આરોપીઓ કાયદાની છટકબારીનો ઉપયોગ કરીને છૂટી જતા હોય છે. એ.એસ.આઈ. રાજેશભાઈએ આ પડકારને ઝીલી લીધો છે. તેઓ એન.ડી.પી.એસ. (નાર્કોટિક્સ) અને એફ.આઈ.સી.એન. (બનાવટી ચલણી નોટો) જેવા ગંભીર કેસોમાં પ્રાથમિક તપાસથી લઈને કોર્ટમાં ચાર્જશીટ સુધીની તમામ પ્રક્રિયામાં ઝીણવટભરી કામગીરી કરે છે. રાજેશભાઈએ છેલ્લા ત્રણ વર્ષમાં અનેક જટિલ કેસોમાં ટોપ ટુ બોટમ તપાસ કરી છે. તેઓ માત્ર આરોપીને જ નહીં, પણ તેની પાછળ રહેલી આખી સાંકળને પકડવામાં મદદરૂપ થાય છે. આરોપીઓના બેંક ખાતાની તપાસ, ફોન કોલ્સનું એનાલિસિસ અને લોકેશન ટ્રેસિંગ દ્વારા તેઓ એવા પુરાવા તૈયાર કરે છે કે જેનાથી સેશન્સ કોર્ટ કે હાઈકોર્ટમાં આરોપીના જામીન નામંજૂર થાય અને તેમને જેલવાસ ભોગવવો પડે. સરકારી વકીલો સાથે સંકલન સાધીને કેસોને કન્વિક્શન (સજા) સુધી પહોંચાડવામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે. પોલીસ કમિશનર દ્વારા રાજેશભાઈને પ્રશસ્તિપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. રાજેશભાઈ જણાવે છે કે, આરોપી ગમે તેટલો ચબરાક હોય પણ ટેકનિકલ પુરાવા અને મજબૂત પેપરવર્ક સામે તે લાચાર બની જાય છે. એસ.ઓ.જી. ટીમની આ સક્રિયતાને કારણે વડોદરામાં નશાના ગેરકાયદેસર ધંધા કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. નશામુક્ત વડોદરાના સંકલ્પને સાકાર કરવા માટે આવા પ્રતિબદ્ધ પોલીસ અધિકારીઓ સમાજ માટે ગૌરવ સમાન છે. આ સન્માન અન્ય પોલીસકર્મીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે.




**'નશામુક્ત વડોદરા'ના સંકલ્પ હેઠળ એસ.ઓ.જી. ટીમના એ.એસ.આઈ. રાજેશભાઈ રણછોડભાઈ બારીયાને તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ સન્માનિત કરાયા છે. રાજેશભાઈએ નાર્કોટિક્સના કેસોમાં 'ટોપ ટુ બોટમ' તપાસ કરી મજબૂત દસ્તાવેજો તૈયાર કરવાની જવાબદારી નિભાવી છે. પૂરતા પુરાવા અને સમયસર ચાર્જશીટના કારણે અનેક ગુનેગારોને જેલવાસ થયો છે. દસ્તાવેજોના અભાવે આરોપીઓ બચી ન જાય તે માટે તેઓ ફોન લોકેશન અને બેંક એકાઉન્ટ જેવી કડીઓ જોડી કોર્ટમાં સચોટ રજૂઆત કરે છે. તેમની આ પ્રતિબદ્ધતા બદલ પોલીસ કમિશનર નરસિંહા કોમારે તેમને પ્રશસ્તિપત્ર એનાયત કર્યું છે.**

# વિહળ વિદ્યાપીઠમાં માતૃભાષા મહોત્સવ: નિર્મળાબાએ આપ્યા આશીર્વાદ

**દૈનિક પલ્સ સમાચાર:** શ્રી વિહળ ઇન્ટરનેશનલ વિદ્યાપીઠ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી 'માતૃભાષા મહોત્સવ ૨૦૨૬' નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં વિહળધામ પાળીયાદના ગાદીપતિ પ.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબાના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. પૂજ્ય શ્રી ભયલુબાપુની પ્રેરણા અને ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ ચાંદપરા તથા મહાવીરભાઇ ખાચરની શુભેચ્છાથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય વક્તા મુકેશભાઈ સોજીત્રાએ પોતાની વાર્તાકારની શૈલીમાં માતૃભાષાની મીઠાશ પીરસી હતી, જ્યારે કેળવણીકાર પ્રવિણભાઈ ખાચરે ભાષાના મૂલ્યો સમજાવ્યા હતા. વિશેષમાં, બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ માર્ગદર્શન સેમિનાર સમાન બની રહ્યો હતો. બાબુભાઇ કળથીયા અને બકુલભાઈ જેબલિયાએ વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયથી મુક્ત થઈ કેવી રીતે તૈયારી કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કેમ્પસ ડાયરેક્ટર સંજયભાઈ પટેલ અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફની જહેમતથી આ ઉજવણી યાદગાર બની હતી. સુશ્રી ધારાબહેન ધોળકિયાએ કાર્યક્રમનું કુશળ સંચાલન કર્યું હતું. અંતમાં, પૂજ્ય નિર્મળાબાએ તમામ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉજ્જવળ સફળતા મળે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવે વિદ્યાર્થીઓમાં પોતાની માતૃભાષા પ્રત્યે ગૌરવની લાગણી અને પરીક્ષા માટે આત્મવિશ્વાસ જગાડવાનું કાર્ય કર્યું હતું.



રિપોર્ટ : કનુભાઈ ખાચર

**વિહળ વિદ્યાપીઠમાં ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી માતૃભાષા મહોત્સવ યોજાયો. પ.પૂ. નિર્મળાબાએ વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા.**



'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# ગૌમાતા સર્કલથી ઢીમા મુકામ સુધી ભવ્ય મેરેથોન યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગૌમાતા પ્રત્યેની અતૂટ આસ્થા અને વિસ્તારમાં ગૌમાતા સર્કલના નિર્માણની ખુશીને અનોખી રીતે ઉજવવા માટે યુવા ગૌભક્તો દ્વારા મેરેથોન દોડનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોન ગૌમાતા સર્કલથી શરૂ થઈ ધરણીધર ભગવાનના પ્રસિદ્ધ ધામ ઢીમા મુકામ સુધી યોજાઈ હતી. આ આયોજન પાછળ યુવાનોમાં ગૌભક્તિ જાગૃત કરવી અને સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. કાર્યક્રમના પ્રારંભે વિસ્તારના અગ્રણીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગૌમાતાના પૂજન બાદ લીલી ઝંડી આપી મેરેથોનનો પ્રારંભ કરાવ્યો હતો. મહાનુભાવોએ યુવા ગૌભક્તોની આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, ગૌમાતા સર્કલ બનવાની ખુશી આ રીતે રચનાત્મક કાર્યક્રમ દ્વારા ઉજવવી એ સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ છે.

આ મેરેથોનમાં 200થી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. ગૌમાતા સર્કલથી ઢીમા સુધીના માર્ગ પર યુવાનોનો જોશ જોવા જેવો હતો. 'જય ગૌમાતા' ના જયઘોષ સાથે યુવાનોએ રસ્તો ગજવી મૂક્યો હતો. શિસ્તબદ્ધ રીતે યોજાયેલી આ દોડમાં યુવાનોએ ભારે ઉત્સાહ બતાવ્યો હતો અને સફળતાપૂર્વક ઢીમા મુકામે પહોંચ્યા હતા. મેરેથોન ઢીમા મુકામે ધરણીધર ભગવાનના ચરણોમાં પહોંચતા જ ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. યુવા ગૌભક્તોએ અહીં ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ આયોજનથી માત્ર ગૌભક્તિ જ નહીં, પણ યુવાનોમાં સંગઠન અને ખેલદિલીની ભાવના પણ મજબૂત થઈ હતી. આ અનોખી મેરેથોન દોડ સમગ્ર પંથકમાં પ્રશંસા પામી છે. સ્થાનિક લોકોએ પણ માર્ગમાં દોડવીરોનું ઉત્સાહવર્ધન કર્યું હતું. અંતે આયોજકોએ સહભાગી તમામ યુવાનો અને સહકાર આપનાર મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમે સાબિત કર્યું કે આજની યુવા પેઢી પોતાની સંસ્કૃતિ અને આસ્થાના કેન્દ્રો પ્રત્યે ગંભીર અને સજાગ છે.


રિપોર્ટ :ભાનુભાઈ પરમાર




# વિજયનગર: શિવાલયોમાં મહાશિવરાત્રિની ભવ્ય ઉજવણી અને ભાંગનો પ્રસાદ

**દૈનિક પલ્સ સમાચાર:** વિજયનગર અને કોડિયાવાડા સહિતના પંથકમાં મહાશિવરાત્રિ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી છે. શિવભક્તિના આ મહાપર્વે શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. કોડિયાવાડા અને આજુબાજુના ગામોના લોકો વહેલી સવારથી જ નજીકના શિવાલયોમાં મહાદેવના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. શિવજીના દર્શન માટે ભક્તોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.

દિવસ દરમિયાન શિવાલયોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોની વણઝાર જોવા મળી હતી. જેમાં વિશેષ કરીને રુદ્રાભિષેક, ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન અને ભજન મંડળીઓ દ્વારા શિવ સ્તુતિ રજૂ કરવામાં આવી હતી. ભક્તિના આ માહોલમાં શિવજીના પ્રિય એવા ભાંગના પ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું, જેનું આચમન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. શ્રદ્ધાળુઓએ શિવલિંગ પર બીલીપત્ર અને ધતૂરાના ફૂલ ચઢાવીને પૂજા-અર્ચના કરી હતી. ભક્તોની ભીડને જોતા મંદિરોમાં વ્યવસ્થાપક સમિતિ દ્વારા ખાસ આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર પંથકમાં ભક્તિ અને હર્ષોલ્લાસનું વાતાવરણ જોવા મળ્યું હતું. વિજયનગરના આ શિવાલયોમાં મોડી રાત સુધી ભક્તોની અવરજવર ચાલુ રહી હતી અને ચાર પ્રહરની પૂજા સાથે શિવરાત્રિની આરાધના કરવામાં આવી હતી.


રિપોર્ટ : યાજ્ઞિક પટેલ

# ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા માતૃભાષા મહોત્સવનું ભવ્ય આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વ માતૃભાષા દિવસના ઉપલક્ષમાં ગાંધીનગરના કોબા ખાતે "મળી મને માતૃ ભાષા ગુજરાતી" અંતર્ગત 'માતૃભાષા મહોત્સવ-૨૦૨૬' નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમી અને નટ શિલ્પના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં સાહિત્ય અને ભાષાના સંગમ સાથે માતૃભાષાની મહત્તા અંગે 'માતૃભાષા સંવાદ' યોજાયો હતો. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ આયોજિત આ કાર્યક્રમમાં અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાનો વિશેષ વીડિયો સંદેશ પ્રસ્તુત કરાયો હતો.

મુખ્ય વક્તા તરીકે ડૉ. દર્શનબહેન પટેલ, શ્રી દિલીપસિંહ ચૌહાણ અને શ્રી સલિલભાઈ મહેતાએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે માતૃભાષા એ માત્ર સંવાદનું માધ્યમ નથી, પણ આપણી સંસ્કૃતિની ઓળખ છે. કાર્યક્રમમાં ટ્રસ્ટી સુશ્રી પૂર્વીબેન અને અતિથિ વિશેષ તરીકે શ્રી સલીલભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન ડૉ. ફાલ્ગુની પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવમાં કસ્તુરબા ગાંધી વિદ્યાલયના વિદ્યાર્થીઓ, ભાષાપ્રેમીઓ અને સાહિત્યરસિકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ માતૃભાષા પ્રત્યેનો તેમનો અગાધ પ્રેમ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે સૌએ ગુજરાતી ભાષાના ગૌરવને વધારવા અને તેને આવનારી પેઢી સુધી પહોંચાડવા માટેની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ આયોજને ગાંધીનગરમાં સાહિત્યિક ચેતના જગાવવાનું મહત્વનું કામ કર્યું છે.


રિપોર્ટ : ચેતન રાજપૂત

# પીલોલ ગામે નીલકંઠ મહાદેવ મંદિરે મહાશિવરાત્રિ પર્વની ભક્તિમય ઉજવણી

## પીલોલ: નીલકંઠ મહાદેવ મંદિરે ચાર પ્રહરની પૂજા યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** સમગ્ર ભારતવર્ષમાં જ્યારે દેવાધિદેવ મહાદેવની આરાધનાનો પર્વ 'મહાશિવરાત્રિ' ધામધૂમથી મનાવવામાં આવી રહ્યો છે, ત્યારે વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પીલોલ ગામમાં પણ ભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. પીલોલ ગામના પવિત્ર શ્રી નીલકંઠ મહાદેવ મંદિર ખાતે ગ્રામજનો દ્વારા ખૂબ જ આસ્થા અને અતૂટ શ્રદ્ધા સાથે મહાશિવરાત્રિ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાર પ્રહરની વિશેષ પૂજાનું આયોજન: ભગવાન ભોળાનાથને પ્રસન્ન કરવા માટે શિવરાત્રિની રાત્રે ચાર પ્રહરની પૂજાનું વિશેષ મહત્વ હોય છે. પીલોલ ગામના નીલકંઠ મહાદેવ મંદિરે આ પરંપરા મુજબ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. આ પૂજામાં ગામના નવયુવાનો અને વડીલોએ મોટી સંખ્યામાં જોડાઈને ભગવાન શિવ પર અભિષેક કર્યો હતો. શ્રદ્ધાળુઓના 'ઓમ નમઃ શિવાય' અને 'હર હર મહાદેવ'ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ધારાસભ્યની પ્રેરક ઉપસ્થિતિ: આ ધાર્મિક ઉત્સવમાં સાવલી મતવિસ્તારના લોકલાડીલા અને યુવા ધારાસભ્ય કેતનભાઈ ઈનામદારે ખાસ હાજરી આપી હતી. તેમણે નીલકંઠ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી ગ્રામજનોના સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ધારાસભ્યની સાદગીપૂર્ણ હાજરી અને તેમની ભક્તિ જોઈને ગ્રામજનોમાં પણ અનેરો આનંદ જોવા મળ્યો હતો.

ગામના આગેવાનોની હાજરી: આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય દિનેશભાઈ પરમાર, પીલોલ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ વિપુલભાઈ પરમાર તેમજ ગામના અન્ય ગણમાન્ય વડીલો અને આગેવાનો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગામના યુવા મંડળોએ પૂજાની તમામ વ્યવસ્થાઓ સંભાળી હતી. પીલોલ ગામના ગ્રામજનોએ એકસાથે મળીને જે રીતે આ પર્વની ઉજવણી કરી, તેનાથી સમગ્ર વિસ્તારમાં ભક્તિમય અને સકારાત્મક વાતાવરણ સર્જાયું હતું. ભોળાનાથના આશીર્વાદ લેવા માટે પીલોલ ઉપરાંત આસપાસના વિસ્તારના ભક્તોએ પણ નીલકંઠ મહાદેવના દર્શનનો લાભ લીધો હતો. મોડી રાત સુધી ચાલેલી આ આરાધના બાદ પ્રસાદ વિતરણ સાથે ઉત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.


રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી

**વડોદરાના સાવલી તાલુકાના પીલોલ ગામે નીલકંઠ મહાદેવ મંદિરે મહાશિવરાત્રિની આસ્થાભેર ઉજવણી કરાઈ. ધારાસભ્ય કેતનભાઈ ઈનામદારની વિશેષ ઉપસ્થિતિમાં ચાર પ્રહરની પૂજા યોજાઈ હતી, જેમાં ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ભક્તિભાવ સાથે જોડાયા હતા.**

# તિલકવાડામાં શિવજીની ભવ્ય સવારી: બમ બમ ભોલેના નાદથી નગર ગુંજ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વની ગામે ગામ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી, જેમાં તિલકવાડા નગર શિવભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. ગત રોજ વહેલી સવારથી જ ઓમ નમઃ શિવાય અને બમ બમ ભોલેના નાદ સાથે શિવાલયો ગુંજવા લાગ્યા હતા. તિલકેશ્વર મંદિર અને વિઠ્ઠલનાથજી મંદિર સહિતના મંદિરોમાં શિવલિંગ પર દૂધ, જળ અને બિલ્વીપત્રનો અભિષેક કરવા ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. ભક્તોએ ભોળા શંભુને રીઝવવા માટે વિશેષ પૂજન-અર્ચન કર્યા હતા અને મંદિરો દ્વારા વિતરણ કરવામાં આવેલા પ્રસાદનો લાભ લીધો હતો. ઉત્સવની પરાકાષ્ઠા રાત્રિના સમયે જોવા મળી જ્યારે તિલકેશ્વર મહાદેવ મંદિરેથી ભગવાન ભોળાનાથની ભવ્ય શોભાયાત્રા શરૂ થઈ. ઢોલ-નગારાના તાલે અને સુશોભિત ઘોડા-બગ્ગી સાથે નીકળેલી આ સવારી નગરના મુખ્ય વિસ્તારો જેવા કે આઝાદ ચોક, વચલી બજાર, કુંભારવાડ અને રામજી મંદિર થઈને પરત ફરી હતી. સમગ્ર માર્ગ પર ભવ્ય આતશબાજી અને અબીલ-ગુલાલની છોળ ઉડાડવામાં આવી હતી. શોભાયાત્રામાં નગરના અબાલ-વૃદ્ધ સૌ કોઈ શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. નગરના માર્ગો પર જ્યારે શિવજીની સવારી પસાર થઈ ત્યારે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મહાશિવરાત્રિના આ પાવન પર્વે તિલકવાડા નગરમાં ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ રચાયો હતો.


રિપોર્ટ : વસીમ મેમન




# દસાડીયા પરિવારના આંગણે ભવ્ય આનંદના ગરબા યોજાયા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ: શહેરના મોરબી રોડ પર સેટેલાઇન સ્કૂલની બાજુમાં, નાગબાઈ મંદિર પાસે નવનિર્મિત નિવાસસ્થાને દસાડીયા પરિવાર દ્વારા ગૃહ પ્રવેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલ અવસરને ભક્તિમય બનાવવા માટે પરિવાર દ્વારા નવચંડી યજ્ઞ અને આનંદના ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

ગૃહ પ્રવેશના આ પાવન પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે નવચંડી યજ્ઞ યોજાયો હતો, જેમાં આહુતિઓ આપી નૂતન નિવાસમાં સુખ-શાંતિની મંગલ કામના કરવામાં આવી હતી. આ આધ્યાત્મિક કાર્યક્રમ બાદ રાત્રિના સમયે માતાજીની ભક્તિ માટે આનંદના ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. આ માટે સુરેન્દ્રનગરથી સુપ્રસિદ્ધ 'શ્રી રાધે આનંદ ગરબા મંડળ'ને ખાસ આમંત્રિત કરવામાં આવ્યું હતું. મંડળના સભ્યો રાજકોટ પધારતા દસાડીયા પરિવાર દ્વારા તેમનું પરંપરાગત રીતે સામૈયું કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી રાધે આનંદ ગરબા મંડળના અગ્રણી કલાકારો શ્રી નયનભાઈ ઠાકર, અરૂણાબેન દવે, બી.સી. જાની અને ડૉ. મનોજ પંડ્યાએ પોતાની સંગીતમય અને ભાવવાહી શૈલીમાં આનંદના ગરબા રજૂ કર્યા હતા. આ ગરબામાં સંગીતની સંગત આપવા માટે તબલા પર ચંદુભાઈ રામાનુજ, ઓર્ગન પર દીપકભાઇ રાવલ તથા પેડ પર બળવંત ભાઈ પૂનાનીએ પોતાની શ્રેષ્ઠ કલાનું પ્રદર્શન કર્યું હતું. ભક્તિના આ માહોલમાં ઉપસ્થિત મહેમાનો અને સ્નેહીજનો પણ ભક્તિના રંગે રંગાયા હતા. દસાડીયા પરિવારના આ નવ નિર્મિત મકાનના વાસ્તુ અને ગૃહ પ્રવેશના પ્રસંગે આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસાનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન દસાડીયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં નિમંત્રિતોએ હાજરી આપી પ્રસંગને શોભાવ્યો હતો.


રિપોર્ટ : ડી.જી.જાડેજા




# અમદાવાદ: પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખનાર વેપારીઓ સામે કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** આખરે અમદાવાદનું તંત્ર જાગ્યું છે અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના 'મોટા માથાઓ' પર તવાઈ બોલાવવાની તૈયારી કરી લીધી છે. ગુજરાત હાઇકોર્ટની કડક ટિપ્પણી બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીએ કડક અમલીકરણનો આદેશ આપ્યો છે. હવે શાકભાજી અને ફ્રૂટ માર્કેટમાં પ્લાસ્ટિકની થેલીઓનો વપરાશ કરનારા વેપારીઓ અને ફેરિયાઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાશે.

કમિટીના ચેરમેને સ્પષ્ટ કર્યું છે કે 120 માઇક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી પ્લાસ્ટિક બેગ્સ પર્યાવરણ માટે જોખમી છે. આથી, જો કોઈ પણ ઉત્પાદક એકમ આવું પ્લાસ્ટિક બનાવતા પકડાશે તો તેની સામે કડક કાર્યવાહી કરીને ફેક્ટરીને 15 દિવસ સુધી સીલ કરવામાં આવશે. રિટેલ અને હોલસેલ વેપારીઓ માટે પણ નિયમો કડક છે; જો 100 કિલોથી વધુનો પ્રતિબંધિત જથ્થો જપ્ત થશે, તો તે વેપારીની દુકાન કે ગોડાઉન 10 દિવસ માટે બંધ કરી દેવાશે.

AMC દ્વારા અત્યાર સુધીમાં શહેરીજનોને 16 લાખથી વધુ કાપડની થેલીઓ વહેંચવામાં આવી છે. બે વર્ષ પૂર્વે પણ આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. તંત્રનું માનવું છે કે જાગૃતિ અને કડક દંડ બંને સાથે મળીને જ શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવી શકશે. હવે જોવાનું એ રહેશે કે આ નિયમોના અમલીકરણથી અમદાવાદના શાકભાજી બજારોમાં પ્લાસ્ટિકની થેલીઓનો વપરાશ કેટલો ઘટે છે.



**ગુજરાત હાઇકોર્ટના આદેશ બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્શન મોડમાં આવ્યું છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક પર અંકુશ લાવવા હવે કડક દંડ અને સીલિંગની કાર્યવાહી કરાશે. જો કોઈ ફેક્ટરી 120 માઇક્રોનથી ઓછું પ્લાસ્ટિક બનાવતી ઝડપાશે તો તેને 15 દિવસ માટે સીલ કરવામાં આવશે. તેવી જ રીતે, 100 કિલોથી વધુ જથ્થો રાખનાર હોલસેલ વેપારીઓની દુકાન 10 દિવસ માટે સીલ થશે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં 16 લાખ કાપડની થેલીઓનું વિતરણ કરી નાગરિકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.**

# રાજકોટમાં સિટી બસ કંડક્ટરે પૈસા લઈ મુસાફરોને અધવચ્ચે ઉતારી દીધા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટની શાન ગણાતી સિટી બસ સેવા હવે વિવાદોની બસ બની ગઈ હોય તેમ લાગે છે. કાલાવડ રોડથી વાવડી રૂટની બસ નંબર 23 માં કંડક્ટરની મનમાનીનો કિસ્સો સામે આવ્યો છે. વાયરલ થયેલા વીડિયોમાં કંડક્ટર મુસાફરો સાથે ઉદ્ધત રીતે વાત કરતો જોવા મળી રહ્યો છે. મુસાફરોનો આરોપ છે કે તેમણે ટિકિટના નાણાં પૂરેપૂરા ચૂકવ્યા હોવા છતાં કંડક્ટરે ટિકિટ ફાડી ન હતી, જે ટિકિટબારીની મોટી ગેરરીતિ તરફ ઈશારો કરે છે. મુસાફરોને પુનિતનગર સુધી જવાનું હોવા છતાં કંડક્ટરે હઠ પકડી તેમને બાપા સીતારામ ચોક પાસે જ બસમાંથી નીચે ઉતારી દીધા હતા. મુસાફરોએ જ્યારે ન્યાય માટે દલીલ કરી ત્યારે કંડક્ટરે તેમની સાથે દાદાગીરી કરી હતી. મનપા દ્વારા સંચાલિત આ સેવામાં વારંવાર ડ્રાઈવર અને કંડક્ટરના ગેરવર્તનના કિસ્સાઓ સામે આવતા રહે છે, જેના કારણે સામાન્ય જનતાને હાલાકી ભોગવવી પડે છે. ખાસ કરીને નોકરિયાત અને વિદ્યાર્થીઓ આ સેવાનો વધુ ઉપયોગ કરતા હોય છે ત્યારે તેમની સુરક્ષા અને સુવિધા સામે પ્રશ્નો ઉભા થયા છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થયા બાદ લોકોમાં તંત્ર વિરુદ્ધ ભારે ગુસ્સો છે અને કંડક્ટર સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ ઉગ્ર બની છે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**રાજકોટમાં કાલાવડ રોડથી વાવડી જતી સિટી બસના કંડક્ટરની દાદાગીરીનો વીડિયો વાયરલ થયો છે. મુસાફરો પાસેથી ટિકિટના પૈસા વસૂલ્યા હોવા છતાં ટિકિટ આપી ન હતી અને તેમને નિયત સ્થળ પહેલા જ અધવચ્ચે ઉતારી દેતા રોષ જોવા મળી રહ્યો છે.**

# મનપાની વ્યાજમાફી યોજનામાં હપ્તા સિસ્ટમ બંધ કરાતા મધ્યમવર્ગ પરેશાન

## મનપાની વ્યાજમાફી યોજના કે મતદારોને ઉલ્લુ બનાવવાનો ખેલ?

**દૈનિક પલ્સ સમાચાર:** મહાનગરપાલિકા દ્વારા વર્ષોના ઈન્તજાર બાદ મધ્યમ વર્ગીય આસામીઓ માટે વ્યાજમાફી યોજનાની જાહેરાત તો કરાઈ, પણ તેના અમલીકરણમાં તંત્રએ પોતાની અસલી દાનત બતાવી દીધી છે. યોજનાને શરૂઆતમાં જબરો પ્રતિસાદ મળ્યો હોવાના દાવા વચ્ચે હવે વિવાદનો વંટોળ ઉઠ્યો છે. અત્યાર સુધી જે મધ્યમ વર્ગીય પરિવારો હપ્તા સિસ્ટમ દ્વારા પોતાનો ચડતર વેરો ભરી રહ્યા હતા, તેમને આ વ્યાજમાફી યોજનામાંથી અન્યાયી રીતે બાકાત રાખવામાં આવ્યા છે.

તંત્રએ મનઘડક નિર્ણય લેતા જાહેર કર્યું છે કે જો કોઈ આસામી વ્યાજમાફીનો લાભ લેવા માંગતા હોય, તો તેમણે હપ્તા સિસ્ટમનો લાભ જતો કરવો પડશે. નાના મિલકત ધારકો જેઓ એકસાથે 25,000 થી વધુની રકમ ભરી શકતા નથી, તેમના માટે હપ્તા સિસ્ટમ એકમાત્ર સહારો હતી. હવે અધિકારીઓએ એવો ફતવો બહાર પાડ્યો છે કે વ્યાજમાફી જોઈતી હોય તો પૂરેપૂરી રકમ એકસાથે જમા કરાવવી પડશે. આ નિર્ણયને કારણે અનેક પરિવારો 'ન ઘરના કે ન ઘાટના' જેવી સ્થિતિમાં મુકાઈ ગયા છે.

પાલિકાની ચૂંટણીઓ માથે છે ત્યારે મતદારોને રીઝવવા માટે 10 વર્ષ પછી વ્યાજમાફીનું પાંજરું ગોઠવવામાં આવ્યું છે. ચર્ચા છે કે આ યોજનામાં ગણિત જ એવું માંડવામાં આવ્યું છે કે મિલકત ધારકો છેતરાય. ઉદાહરણ તરીકે, જેનું 40 હજાર વ્યાજ બાકી છે તેને માંડ 10 હજારની રાહત મળે છે. આટલી નજીવી રકમ માટે કોઈ સામાન્ય માણસ 90 હજારનું દેવું કેવી રીતે ચૂકવશે? તિજોરી ભરવાના લોભમાં અધિકારીઓએ હપ્તા યોજના બંધ કરીને પગ પર કુહાડો માર્યો છે. આવકમાં 25 કરોડના વધારાનો અંદાજ કદાચ હવામાં ઓગળી જશે, કારણ કે નાના મિલકત ધારકો એકસાથે રકમ ભરવામાં નિષ્ફળ રહેશે. અધિકારીઓ અને શાસકોની આ બૂરી નીતિને કારણે જનતામાં ઉગ્ર રોષ છે, જે આવનારી ચૂંટણીમાં સત્તાધીશોને ભારે પડી શકે છે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓએ વગર વિચાર્યે લીધેલા નિર્ણયથી નાના મિલકત ધારકો પાયમાલ થઈ રહ્યા છે. વર્ષો બાદ શરૂ થયેલી વ્યાજમાફી યોજનાનો લાભ લેવા માટે ચાલુ હપ્તા સિસ્ટમ બંધ કરી દેવામાં આવી છે. હવે જો વ્યાજમાફી જોઈતી હોય તો લાખોનું દેવું એકસાથે ભરવું પડશે, જે મધ્યમ વર્ગ માટે અશક્ય છે. તિજોરી ભરવા નીકળેલા અધિકારીઓની આ ભૂલને કારણે મનપાની આવકમાં ગાબડું પડવાની પૂરી સંભાવના છે. જનતાની માંગ બહેરા કાને અથડાઈને પાછી આવી રહી છે, જે તંત્રની જોહુકમી દર્શાવે છે.**

# રાજકોટ જિલ્લા પંચાયતનું બજેટ: સભ્યોની ગ્રાન્ટમાં 20% વધારો શક્ય

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ જિલ્લા પંચાયતનું નવા નાણાકીય વર્ષનું બજેટ આવતીકાલે કારોબારી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે. પંચાયતની મુદત ટૂંક સમયમાં પૂરી થતી હોવા છતાં, ચૂંટણી મોડી થવાના એંધાણ વચ્ચે શાસકોએ વચગાળાના બદલે પૂર્ણ બજેટ રજૂ કરવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બજેટનું કુલ કદ ₹1100 કરોડની આસપાસ રહેશે. સ્વભંડોળના બજેટમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો હોવાથી સભ્યોના મત વિસ્તારના વિકાસ માટેની ગ્રાન્ટ ₹30 લાખથી વધારીને ₹36 લાખ કરાય તેવી શક્યતા છે. કારોબારી બેઠકમાં બાંધકામ વિભાગનો દબદબો રહેશે, કારણ કે 90 થી વધુ ગ્રામ પંચાયત ભવનો બનાવવા માટેની દરખાસ્તો રજૂ થવાની છે. આ ઉપરાંત સિંચાઈ વિભાગની નવી યોજનાઓ પણ પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવશે. ચૂંટણીલક્ષી આ બજેટમાં ગ્રામીણ જનતાને આકર્ષવા માટે નવી કલ્યાણકારી યોજનાઓની જાહેરાત થઈ શકે છે. મતદાર સુધારણાની કામગીરીને લીધે ચૂંટણી વિલંબમાં પડવાની હોવાથી, નવા શાસકો આવે ત્યાં સુધી વિકાસ કામો અટકે નહીં તે હેતુથી આ પૂર્ણ બજેટ તૈયાર કરાયું છે. કારોબારીમાં બજેટ પસાર થયા બાદ, આગામી 27 ફેબ્રુઆરીએ મળનારી સામાન્ય સભામાં તેના પર અંતિમ મહોર મારવામાં આવશે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા






## રાજકોટ: 150 ફૂટ રિંગ રોડ પર થારનો કહેર, નબીરો ઝડપાયો

રાજકોટના વ્યસ્ત 150 ફૂટ રિંગ રોડ પર શનિવારે સાંજે હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. એક નશામાં ધૂત નબીરાએ કાળી થાર ગાડી બેફામ ઝડપે ચલાવી ઉમિયા ચોક પાસે એક્ટિવા પર જઈ રહેલા દંપતીને જોરદાર ટક્કર મારી હતી. સદનસીબે દંપતીનો આબાદ બચાવ થયો હતો, પરંતુ તેમને ઇજાઓ પહોંચી હતી. કાર ચાલકની દાદાગીરી એટલી હતી કે અકસ્માત બાદ તે મદદે આવવાને બદલે કાર રિવર્સમાં લઈને નાસી છૂટ્યો હતો. આ દરમિયાન ત્યાં હાજર એક યુવકે તેને રોકવાનો પ્રયાસ કર્યો તો નબીરાએ તેને પણ કાર નીચે કચડવાનો પ્રયાસ કરી હવામાં ફંગોળ્યો હતો. અકસ્માત સમયે કારની નંબર પ્લેટ (GJ-03-NB-4275) નીચે પડી ગઈ હતી, જે પોલીસ માટે મહત્વનો પુરાવો બની હતી. માલવિયાનગર પોલીસે સીસીટીવી ફૂટેજ અને નંબર પ્લેટના આધારે તપાસ તેજ કરી 27 વર્ષીય મિલન મોહનભાઈ માલાને ઝડપી લીધો છે. તપાસમાં બહાર આવ્યું છે કે તે નશાની હાલતમાં હતો, જેના કારણે પોલીસે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટ RTO: AI ટેકનોલોજીથી ડ્રાઇવિંગ ટેસ્ટ લેવામાં આવશે

રાજકોટ RTO કચેરી ખાતે અત્યાધુનિક AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) આધારિત ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત થવા જઈ રહ્યો છે. ₹80 લાખના ખર્ચે તૈયાર થયેલા આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય ડ્રાઇવિંગ ટેસ્ટમાં પારદર્શિતા અને ચોકસાઈ લાવવાનો છે. નવા ટ્રેકમાં 360 ડિગ્રી મૂવેબલ 17 આધુનિક કેમેરા અને RFID સેન્સર લગાવવામાં આવ્યા છે, જે અરજદારની નાની ભૂલ પણ પકડી પાડશે. RTO અધિકારી ઇન્દ્રજીત ટાકે જણાવ્યું કે, આ ટ્રેક માનવ હસ્તક્ષેપ રહિત છે અને પાવર બેકઅપ સુવિધાથી સજ્જ છે, જેથી વીજળી જાય તો પણ સર્વર બંધ થશે નહીં. અંડરગ્રાઉન્ડ વાયરિંગને કારણે વરસાદમાં પણ ટેસ્ટ લેવાનું સરળ બનશે. રોજના અંદાજે 500 અરજદારો અહીં ટેસ્ટ આપી શકશે. ટેસ્ટ આપતા પહેલા અરજદારે ફરજિયાત ગાઈડલાઈન વીડિયો જોવાનો રહેશે, જેથી તેઓ ટ્રેકની આંટીઘૂંટી સમજી શકે. આ નવી ટેકનોલોજીથી લાઇસન્સ મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી અને ન્યાયી બનશે.

## રાજકોટ: પડોશીએ મકાનમાંથી સોનું, રોકડ અને ડોલરની ચોરી કરી

રાજકોટના પેડક રોડ પર પાડોશીએ જ ઘરફોડ ચોરી આચરતા ચકચાર મચી છે. રેસ્ટોરન્ટ ધરાવતા ધવલભાઈના પિતા અને ભાભી બહારગામ ગયા હતા ત્યારે પાડોશમાં રહેતા જયેશ ગામીએ મોકો જોઈને ચોરી કરી હતી. ઘટનાની શરૂઆત ત્યારે થઈ જ્યારે જયેશે ધવલભાઈની પત્નીને ફોન કરી ટિફિન બાબતે પૂછપરછ કરી હતી. શંકા જતાં પત્ની ઘરે પહોંચી તો જયેશ ફળિયામાં જોવા મળ્યો હતો. તપાસ કરતા પર્સમાંથી ₹7,000 ગાયબ હતા, જે જયેશે પરત આપી માફી માંગી હતી.

જોકે, થોડા દિવસ બાદ આફ્રિકાથી આવેલા ભાભીના દાગીના ચેક કરતા સોનાના ચેન, વીંટી, પાટલા અને 200 ડોલર સહિતનો મુદ્દામાલ ગાયબ જણાયો હતો. પૂછપરછમાં જયેશે આ ચોરીની પણ કબૂલાત કરી હતી. બી ડિવિઝન પોલીસે જ્યારે જયેશને પકડ્યો ત્યારે તેની પાસેથી દારૂની બોટલ પણ મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે દેણું હોવાનું બહાનું કાઢનાર જયેશે વાસ્તવમાં મોજશોખ પૂરા કરવા આ ચોરી કરી હતી.






# રાજકોટના નવા સાંઢીયા પુલનું કામ એપ્રિલના અંત સુધીમાં પૂર્ણ થશે

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના જામનગર રોડ પર પ્રવેશદ્વાર સમાન સાંઢીયા પુલના સ્થાને બની રહેલા નવા ફોરલેન ઓવરબ્રિજનું કામ હવે પૂર્ણાહુતિ તરફ છે. તંત્રના અંદાજ મુજબ, એપ્રિલના અંત સુધીમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવશે. પ્રોજેક્ટની મૂળ મુદ્દત જૂન-2026 હોવા છતાં, કામગીરી ઝડપી ચાલતા તે બે મહિના વહેલું પૂર્ણ થવા જઈ રહ્યું છે. હાલમાં બ્રીજનું 88% કામ આટોપી લેવાયું છે અને બાકી રહેતું 12% કામ આગામી દોઢ મહિનામાં પૂરું કરવાનું લક્ષ્ય છે. મહત્વનું છે કે રેલ્વે ટ્રેક ઉપરના સેન્ટ્રલ પોર્શન માટે જરૂરી બ્લોક અને સેફ્ટી મંજૂરીઓ મળી ગઈ છે, જેથી હવે 300 ટનના સાત સ્ટીલ ગર્ડર મૂકવાનું કામ શરૂ થશે. બીજી તરફ, રેલનગર સાઈડના ભાગમાં ડામર રોડ અને ડીવાઈડર બનાવવાની કામગીરી પણ પ્રગતિમાં છે. આ પુલ બંધ હોવાથી દરરોજ 200 જેટલી એસટી બસો અને ભારે વાહનો શહેરના રહેણાંક વિસ્તારો જેવા કે રૈયા રોડ અને રેસકોર્સ રિંગ રોડ પરથી પસાર થાય છે, જેનાથી ટ્રાફિક જામની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. એપ્રિલમાં આ બ્રીજ ધમધમતો થતા જામનગર રોડ પર ટ્રાફિક પૂર્વવત થશે અને શહેરના રાજમાર્ગો પરથી વાહનોનું ભારણ હળવું થશે, જેની રાજકોટવાસીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**રાજકોટના જામનગર રોડ પર ₹72 કરોડના ખર્ચે બની રહેલા નવા ફોરલેન સાંઢીયા પુલનું 88% કામ પૂર્ણ થયું છે. એપ્રિલના અંત સુધીમાં આ બ્રીજ ખુલ્લો મુકાય તેવી શક્યતા છે, જેનાથી શહેરના રૈયા રોડ અને 150 ફૂટ રિંગ રોડ પર ટ્રાફિકનું ભારણ ઘટશે.**

# ભાવનગર: દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીને LCBએ ઝડપી પાડ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચે નાસતા ફરતા આરોપીઓ સામે લાલ આંખ કરી છે. રેન્જ આઈજી ગૌતમ પરમાર અને એસપી નિતેશ પાંડેયની સૂચના મુજબ વણઉકેલાયેલા ગુનાઓ અને વોન્ટેડ આરોપીઓને પકડવા માટે એલસીબી ઇન્સ્પેક્ટર એ.આર. વાળા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તપાસ દરમિયાન એલસીબીને હ્યુમન ઇન્ટેલિજન્સ દ્વારા માહિતી મળી કે નિલમબાગ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૫ના પ્રોહિબિશનના ગુનામાં જે આરોપી પકડવાનો બાકી છે, તે શૈલેષ ધનજીભાઇ ગુજરીયા હાલ ભાવનગરના સંત કંવરરામ ચોક વિસ્તારમાં રોડ પર હાજર છે. બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક ગોઠવણ કરી શૈલેષને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. ૨૯ વર્ષીય શૈલેષ ગુજરીયા ભાવનગરના કરચલીયા પરા વિસ્તારનો રહેવાસી છે. પોલીસે તેની પૂછપરછ કરતા તેણે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઇંગ્લિશ દારૂના ગુનામાં પોતાની સંડોવણી હોવાનું સ્વીકાર્યું હતું. એલસીબીએ આરોપીની ધરપકડ કરી તેને નિલમબાગ પોલીસના હવાલે કર્યો છે. આ સફળ કામગીરીમાં એલસીબી સ્ટાફના કેવલભાઇ સાંગા, વનરાજભાઇ ખુમાણ, અને જયદિપસિંહ ગોહિલ સહિતના સભ્યો જોડાયા હતા. નાસતા ફરતા આરોપીઓની ધરપકડ થતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનશે તેવી આશા સેવાઈ રહી છે.



રિપોર્ટ : ઝીશાન ખૂંટ

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભોજન વ્યવસ્થા માટે ટ્રસ્ટે આપી માતબર રકમ

## સોમનાથ: ટ્રસ્ટે ભોજન વ્યવસ્થા માટે ₹1.08 કરોડનો ચેક આપ્યો



**દૈનિક પલ્સ સમાચાર:** સનાતન ધર્મની ભવ્યતા અને સાંસ્કૃતિક ચેતનાના પ્રતીક સમાન 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નું આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં દેશ અને દુનિયાના ખૂણેખૂણેથી લાખો શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના શરણે શીશ ઝુકાવવા પહોંચ્યા હતા. આટલી વિશાળ જનમેદની વચ્ચે શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે અને દરેક ભક્ત તૃપ્ત થઈને જાય તે માટે સોમનાથ ટ્રસ્ટ અને ગીર સોમનાથ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રેરણાદાયી કામગીરી કરવામાં આવી છે.

ભોજન પ્રસાદની અવિરત સેવા: સોમનાથ ટ્રસ્ટની હંમેશા એવી પવિત્ર ભાવના રહી છે કે મહાદેવના દર્શને આવેલો કોઈ પણ ભક્ત ભૂખ્યો ન જાય. આ ભાવનાને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે જિલ્લા વહીવટીતંત્રની આખી ટીમ ખભેખભો મિલાવીને મેદાનમાં ઉતરી હતી. વહીવટીતંત્ર દ્વારા મહોત્સવ દરમિયાન દિવસ-રાત અવિરત ભંડારા ચલાવવામાં આવ્યા હતા. શ્રદ્ધાળુઓને ગરમાગરમ ભોજન પ્રસાદ પીરસીને વહીવટીતંત્રના કર્મચારીઓએ સેવાની સરવાણી વહાવી હતી. આ ભવ્ય ભોજન વ્યવસ્થામાં વપરાયેલા રાશન અને અન્ય જરૂરિયાતોના ખર્ચને પહોંચી વળવા માટે સોમનાથ ટ્રસ્ટે એક મહત્વનો નિર્ણય લીધો હતો. મહાશિવરાત્રીના પવિત્ર દિવસે, સોમનાથ ટ્રસ્ટ દ્વારા ₹1.08 કરોડની માતબર રકમનો ચેક ગીર સોમનાથ જિલ્લા વહીવટીતંત્રને અર્પણ કરવામાં આવ્યો હતો. આ રકમ ભંડારાના રાશન પેટે સહાય તરીકે આપવામાં આવી છે, જે ટ્રસ્ટની ઉદારતા અને સેવાની પરંપરાને ઉજાગર કરે છે. જ્યારે ભક્તિ અને આસ્થાની સાથે વહીવટી પુરુષાર્થ ભળે છે, ત્યારે અશક્ય લાગતા કામો પણ સરળતાથી પાર પડે છે. સોમનાથ સ્વાભિમાન પર્વ દરમિયાન જોવા મળેલી વ્યવસ્થા અને મેનેજમેન્ટ તેનું જીવંત ઉદાહરણ છે. મહાદેવની કૃપાથી લાખો લોકોએ શાંતિપૂર્ણ રીતે દર્શન કર્યા અને ભોજન પ્રસાદનો લાભ લીધો. આ સફળતા પાછળ વહીવટીતંત્રનો દિવસ-રાતનો પરિશ્રમ અને સોમનાથ ટ્રસ્ટનું માર્ગદર્શન મુખ્ય સ્તંભ રહ્યા છે. આ સુંદર અને પવિત્ર કાર્ય બદલ સોમનાથ ટ્રસ્ટની સેવાભાવી ભાવના અને વહીવટીતંત્રના કર્મયોગીઓના પુરુષાર્થને ચારેકોરથી બિરદાવવામાં આવી રહ્યો છે.

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉજવાયેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં દેશ-વિદેશના ભક્તો ઉમટ્યા હતા. આ પ્રસંગે સોમનાથ ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત સહયોગથી ભવ્ય ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. વહીવટીતંત્રે દિવસ-રાત ભંડારા ચલાવી શ્રદ્ધાળુઓની જઠરાગ્નિ તૃપ્ત કરી હતી. આ સેવાકાર્યના રાશન પેટે સોમનાથ ટ્રસ્ટે મહાશિવરાત્રીના અવસરે ₹1.08 કરોડનો ચેક જિલ્લા વહીવટીતંત્રને અર્પણ કર્યો છે. ભક્તિ, આસ્થા અને સુવ્યવસ્થિત મેનેજમેન્ટનું આ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.**

# ધોળકા જૂના બસ સ્ટેન્ડ પાસે દબાણોના કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ધોળકા જૂના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિકની વિકટ સમસ્યાથી નગરજનો પરેશાન છે. પ્રાપ્ત માહિતી મુજબ, બસ સ્ટેન્ડની બહાર મુખ્ય રોડ પર બંને બાજુ લારી-ગલ્લાઓ ગોઠવી દેવાતા રોડ સાંકડો બની ગયો છે. બસ સ્ટેન્ડમાં પ્રવેશવા અને બહાર નીકળવાના ગેટ નજીક આડેધડ બાઈક પાર્કિંગ અને ખાણી-પીણીની લારીઓના બાંકડાના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. સૌથી વધુ મુશ્કેલી વળાંક પર થાય છે, જ્યાંથી મોટી એસટી બસોને વળવામાં ભારે જહેમત ઉઠાવવી પડે છે. આ માર્ગ મલાવ રોડ તરફ જતો હોવાથી અહીં અનેક મોટા દવાખાના આવેલા છે. ટ્રાફિકના કારણે દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સ પણ સમયસર પસાર થઈ શકતી નથી. આ ઉપરાંત શ્રી રામ ખમણ નજીક ઊભી રહેતી છતળિયા રીક્ષાઓ પણ ટ્રાફિકમાં વધારો કરે છે. આ સમસ્યાના ઉકેલ માટે ધોળકાના જાગૃત નાગરિકો હવે તંત્ર સામે આશાભરી નજરે જોઈ રહ્યા છે. ધોળકા નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ મકવાણા, ચીફ ઓફિસર અને નવનિયુક્ત પોલીસ ઇન્સ્પેક્ટર એન. એન. પારગી સાહેબ આ મામલે કડક વલણ અપનાવી તાત્કાલિક દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે. લાંબા સમયથી ચાલી આવતી આ સમસ્યાનો અંત લાવવા માટે નગરપાલિકા અને પોલીસ તંત્ર વચ્ચે સંકલન હોવું જરૂરી છે.



રિપોર્ટ : ભાવેશ રાઠોડ




# કુણી: માં વહાણવટી સિકોતર માતાજીના જન્મોત્સવની ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ગળતેશ્વર તાલુકાના કુણી ગામમાં આજે સોમવાર, ૧૬ ફેબ્રુઆરીના રોજ માં વહાણવટી સિકોતર માતાજીનો જન્મોત્સવ અત્યંત ભક્તિમય માહોલમાં ઉજવવામાં આવ્યો હતો. આ પાવન દિવસે કુણી ગામના રિપોર્ટર હસમુખભાઈ નાયકના નિવાસસ્થાને નાયક પરિવાર દ્વારા એક વિશેષ અને પ્રેરણાદાયી ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

માં વહાણવટી સિકોતર માતાજી પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા નાયક પરિવારમાં વહેલી સવારથી જ ઉત્સાહ જોવા મળ્યો હતો. ઘરના મંદિરમાં માતાજીને સુંદર શણગાર કરવામાં આવ્યો હતો અને દીપ-ધૂપથી વાતાવરણ મંત્રમુગ્ધ બની ગયું હતું. હસમુખભાઈ નાયકના જણાવ્યા મુજબ, માં વહાણવટી સિકોતર માતાજી તેમના પરિવાર પર સતત કૃપા વર્ષાવતા રહ્યા છે, અને તેથી જ તેમના પ્રાગટ્ય દિવસને જન્મોત્સવ તરીકે ઉજવવાની આ પરંપરા જાળવી રાખવામાં આવી છે.

જન્મોત્સવની ઉજવણીમાં આધુનિકતા અને ભક્તિનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. નાયક પરિવારના સભ્યોએ એકઠા થઈને માં વહાણવટી સિકોતર માતાજીના 'હેપ્પી બર્થડે' નિમિત્તે કેક કાપી હતી. માતાજીની આરાધના કરી કેક કાપીને જન્મોત્સવ ઉજવવાની આ રીત ભક્તોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રસંગે હસમુખભાઈ નાયક, તેમના પરિવારના સભ્યો અને નિકટના સ્નેહીજનોએ માતાજીની આરતી કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ સંગીત અને માતાજીના જયઘોષથી ઘર ગુંજી ઉઠ્યું હતું. નાયક પરિવારે આ પવિત્ર દિવસે માતાજી પાસે સૌના કલ્યાણ અને સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે પણ રિપોર્ટર હસમુખભાઈ નાયકના ઘરે થયેલી આ ભવ્ય ઉજવણીની ચર્ચાઓ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓ માટે આ પ્રસંગ ભક્તિ શક્તિ અને પારિવારિક એકતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક




# ધારાસભ્ય માનસિંહ ચૌહાણને ગુંથલી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આમંત્રણ

**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી માનસિંહ ચૌહાણ સાહેબને ગુંથલી ગામ ખાતે યોજાનારા હરસિદ્ધિ અને આશાપુરા માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગુંથલી ગામમાં યોજાનાર આ મહોત્સવ માત્ર ગામ માટે જ નહીં પરંતુ સમગ્ર પંથક માટે આસ્થાનું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે. આ પવિત્ર પ્રસંગે ધારાસભ્યશ્રીની મુલાકાતે ગયેલા યુવા મિત્રો અને સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, માનસિંહ ચૌહાણ સાહેબ ક્ષત્રિય ઠાકોર સમાજના એક મજબૂત સ્તંભ છે અને તેમની હાજરી આ મહોત્સવની શોભા વધારશે. મુલાકાત દરમિયાન મહોત્સવના વિવિધ આયોજનો વિશે ચર્ચા કરવામાં આવી હતી. ધારાસભ્યશ્રીએ શ્રદ્ધાળુઓની આસ્થાને માન આપીને આમંત્રણનો સ્વીકાર કર્યો હતો અને મહોત્સવના સફળ આયોજન માટે વહીવટી અને સામાજિક સ્તરે તમામ સહયોગની ખાતરી આપી હતી. આમંત્રણ આપવા ગયેલા મિત્રોએ આ ક્ષણને યાદગાર ગણાવી હતી. માતાજીની અસીમ કૃપાથી યોજાઈ રહેલા આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે તેવી શક્યતા છે. મહોત્સવની પૂર્વતૈયારીઓ હવે વેગ પકડી રહી છે ત્યારે ધારાસભ્યશ્રીનું આ નિમંત્રણ કાર્યક્રમની ભવ્યતામાં વધારો કરશે.



રિપોર્ટ : દિપક પરમાર

# જૂનાગઢમાં શાહી સ્નાન દરમિયાન કીર્તિ પટેલના પ્રવેશથી સર્જાયો વિવાદ

**દૈનિક પલ્સ સમાચાર:** ભવનાથની તળેટીમાં આસ્થાનું અપમાન થયું છે. પવિત્ર મહાશિવરાત્રિના શાહી સ્નાનમાં જ્યારે માત્ર સાધુ-સંતોને જ મંજૂરી હોય છે, ત્યારે કીર્તિ પટેલ જેવી વિવાદાસ્પદ વ્યક્તિની હાજરીએ મોટો વિવાદ છેડ્યો છે. પોલીસે કીર્તિને અટકાવી તો હતી, પણ અમુક ભગવાધારી 'ફોલોવર્સ' તેને ઢાલ બનીને કુંડ સુધી ખેંચી ગયા. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે જે સાધુઓ ડિજિટલ દુનિયાથી અજાણ છે, તેઓ કીર્તિ તરફ મોઢું રાખીને ડૂબકીઓ લગાવી રહ્યા હતા, જ્યારે ઓળખી ગયેલા સાધુઓ તમાશો જોતા રહ્યા.

કુંડમાં જ્યારે એક સાધુ તલવાર સાથે ઉગ્રતાથી સ્નાન કરી રહ્યા હતા, ત્યારે આશા હતી કે પરંપરાનું અપમાન કરનારને પાઠ ભણાવવામાં આવશે, પરંતુ મૃગી કુંડની પવિત્રતા જોખમાઈ હોય તેવું લાગ્યું. કીર્તિ પટેલ સામે જોઈને ડૂબકી લગાવનારા સાધુઓએ સંન્યાસની મર્યાદાઓ નેવે મૂકી દીધી હોય તેમ જણાયું. શાહી સ્નાન જેવી ગંભીર પરંપરામાં કીર્તિની એન્ટ્રી કોની રહેમનજર હેઠળ થઈ? શું હવે પવિત્ર મેળા પણ સોશિયલ મીડિયાના સ્ટંટબાજોના અડ્ડા બની જશે? પોલીસની ભૂલ છે કે આયોજકોની, તે તો તપાસ બાદ જ ખબર પડશે, પણ ભક્તોની આશા પર કુંડનું ગંદુ પાણી જરૂર ફરી વળ્યું છે.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક

**જૂનાગઢના પવિત્ર શાહી સ્નાનમાં વિવાદાસ્પદ કીર્તિ પટેલની એન્ટ્રીએ તંત્રની પોલ ખોલી નાખી છે. પોલીસે રોકવા છતાં અમુક ફોલોવર્સ સાધુઓના બચાવ નીચે કીર્તિએ સ્નાન કર્યું. પવિત્ર કુંડમાં મર્યાદા લજવાઈ હોવાના આક્ષેપો સાથે સોશિયલ મીડિયા પર લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.**

# ગાંધીનગરમાં કોંગ્રેસની જનઆક્રોશ સભા: મુકુલ વાસનિકે કર્યા પ્રહાર

## ગાંધીનગર: અન્યાય સામે કોંગ્રેસની જનઆક્રોશ સભા યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગરના રાજકીય વાતાવરણમાં આજે ગરમાવો જોવા મળ્યો હતો, જ્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે 'જનઆક્રોશ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. અન્યાય સામે ન્યાયનો અવાજ બુલંદ કરવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ સભામાં રાજ્યભરમાંથી હજારોની સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો અને પ્રજાજનો જોડાયા હતા. સભાને સંબોધન કરતા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી શ્રી મુકુલ વાસનિકજીએ જણાવ્યું હતું કે, દેશ અને રાજ્યમાં લોકશાહીના મૂલ્યોનું જતન કરવાની જરૂર છે. તેમણે સરકારની જનવિરોધી નીતિઓ સામે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, કોંગ્રેસ ક્યારેય જનતાનો અવાજ દબાવા દેશે નહીં. ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાજીએ સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, શિક્ષણ, આરોગ્ય અને રોજગારના મુદ્દે ગુજરાતની જનતા આજે લાચાર અનુભવી રહી છે. આ 'જનઆક્રોશ સભા' એ સરકારના પતન અને જનતાના ઉદયની શરૂઆત છે. તેમણે કાર્યકરોને આહવાન કર્યું હતું કે, તેઓ ઘરે-ઘરે જઈને સરકારના ભ્રષ્ટાચાર અને અન્યાયને ખુલ્લો પાડે. વિરોધ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીજીએ સભાને સંબોધતા ખાસ કરીને આદિવાસી સમાજ, દલિતો અને ઓબીસી વર્ગ પર થઈ રહેલા અન્યાયના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, સરકાર માત્ર ઉદ્યોગપતિઓના હિતો વિચારે છે, જ્યારે સામાન્ય માણસ મોંઘવારીમાં પીસાઈ રહ્યો છે.

સભાના અંતે કોંગ્રેસના નેતાઓએ રાજ્ય સરકારને ચીમકી આપી હતી કે જો જનતાના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધીનગરના રસ્તાઓ જનઆક્રોશથી ઉભરાશે. સભામાં વિવિધ સામાજિક પ્રશ્નો, ભરતી કૌભાંડો અને ખેડૂતોના પડતર પ્રશ્નો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા કોંગ્રેસે શક્તિપ્રદર્શન કરી આગામી ચૂંટણીઓ અને આંદોલનો માટે પાયો નાખ્યો હોય તેમ જણાય છે. સમગ્ર કાર્યક્રમમાં શિસ્તબદ્ધ રીતે કાર્યકરોએ ભાગ લીધો હતો અને 'ન્યાય આપો' ના નારાઓથી સત્યાગ્રહ છાવણી ગુંજી ઉઠી હતી.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક

**ગાંધીનગર ખાતે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પર સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરવા 'જનઆક્રોશ સભા' યોજાઈ હતી. સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં કાર્યકરોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય મહામંત્રી મુકુલ વાસનિકજીએ સંબોધન કર્યું હતું. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિરોધ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ પણ જનતાને પડતી મુશ્કેલીઓ અને અન્યાયી નીતિઓ સામે અવાજ ઉઠાવ્યો હતો. આ સભા દ્વારા કોંગ્રેસે રાજ્ય સરકારની નીતિઓનો ઉગ્ર વિરોધ કરી પ્રજાલક્ષી મુદ્દાઓ પર ન્યાયની માંગ કરી હતી.**

# કુણી ગામે ઋણ મુક્તેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રિની ભક્તિમય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રિના પાવન અવસરે ગળતેશ્વર તાલુકાના કુણી ગામ અને આસપાસના વિસ્તારોમાં ભક્તિનો માહોલ છવાયો હતો. કુણી ગામે આવેલા પ્રાચીન શ્રી ઋણ મુક્તેશ્વર મહાદેવ મંદિરે ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શ્રદ્ધાળુઓએ વહેલી સવારથી જ શિવલિંગના દર્શન અને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. આ વર્ષે શિવાલયમાં મહાદેવને ફૂલોનો અત્યંત મનમોહક અને નયનરમ્ય શણગાર કરવામાં આવ્યો હતો, જે જોઈને ભક્તો મંત્રમુગ્ધ થયા હતા. ગામમાં પરંપરાગત રીતે ભગવાન શિવની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં યુવાનો, મહિલાઓ અને વડીલો મોટી સંખ્યામાં જોડાયા હતા. "હર હર મહાદેવ" અને "ઓમ નમઃ શિવાય"ના નાદ સાથે સમગ્ર કુણી ગામ ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ અબીલ-ગુલાલની છોળો વચ્ચે ભગવાન શિવનું સ્વાગત કર્યું હતું. તાલુકાના અન્ય મંદિરોમાં પણ મહાશિવરાત્રિની ધૂમ જોવા મળી હતી. દરેક શિવાલયને લાઈટિંગ અને ફૂલોથી સજાવવામાં આવ્યું હતું. મંદિરોમાં ફરાળી પ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પર્વે લોકોએ ઉપવાસ અને ભક્તિ દ્વારા મહાદેવની આરાધના કરી હતી. કુણી ગામના ઋણ મુક્તેશ્વર મહાદેવના પટાંગણમાં આખો દિવસ ભજન અને કીર્તનની રમઝટ બોલી હતી, જેના કારણે વાતાવરણમાં એક અનેરી ઉર્જાનો સંચાર થયો હતો.


રિપોર્ટ : હસમુખભાઈ નાયક




# પાલેજ: ટ્રકમાં ક્રૂરતાપૂર્વક ભરેલી 16 ભેંસોને પોલીસે બચાવી

**દૈનિક પલ્સ સમાચાર:** પાલેજ પોલીસે પશુઓ પ્રત્યે ક્રૂરતા દાખવી ગેરકાયદેસર રીતે હેરાફેરી કરતા તત્વો સામે લાલ આંખ કરી છે. કતલ કરવાના ઈરાદે પશુઓને મહારાષ્ટ્ર લઈ જતી એક ટ્રકને પોલીસે ઝડપી પાડી 16 ભેંસોને સુરક્ષિત રીતે બચાવી લીધી છે.

ભરૂચ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા અને નાયબ પોલીસ અધિક્ષક સી.કે. પટેલ દ્વારા પશુઓની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવાની સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત પાલેજ પી.આઈ. એ.એ. ચૌધરીના માર્ગદર્શનમાં પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી કે વલણ ગામેથી એક અશોક લેલન ટ્રક નંબર GJ-02-AT-1120 માં 16 ભેંસો ભરીને મહારાષ્ટ્રના ધુલિયા તરફ લઈ જવામાં આવી રહી છે.

માહિતીના આધારે પોલીસે પાલેજ સ્ટીલકો કંપની પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળો ટ્રક આવતા તેને અટકાવી પંચોની હાજરીમાં તપાસ કરતા, ટ્રકની પાછળના ભાગે અત્યંત ક્રૂરતાપૂર્વક 16 ભેંસો બાંધેલી હાલતમાં મળી આવી હતી. આ પશુઓ માટે ઘાસચારો, પાણી કે હવા-ઉજાસની કોઈ વ્યવસ્થા નહોતી. પશુઓને ટૂંકા દોરડાથી બાંધી તાડપત્રીથી ઢાંકી દેવામાં આવ્યા હતા.

પોલીસે ₹2.40 લાખની કિંમતની 16 ભેંસો, ₹7 લાખની કિંમતનો ટ્રક અને ₹20,000 ની કિંમતના બે મોબાઈલ મળી કુલ ₹9,60,000 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે બે આરોપીઓની સ્થળ પરથી ધરપકડ કરી છે, જ્યારે અન્ય એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, પશુ ઘાતકીપણાનો કાયદો-૧૯૬૦ અને મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલેજ પોલીસની આ સતર્કતાને કારણે 16 અબોલ પશુઓનો જીવ બચી ગયો છે.


રિપોર્ટ : શૈલેષ સોલંકી




# અંકલેશ્વર: સેવા ભવનમાં ચોરીનો ભેદ ઉકેલાયો, મુદ્દામાલ સાથે એક ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વર શહેર "એ" ડિવિઝન પોલીસને મિલકત સંબંધી ગુનાઓ ઉકેલવામાં મોટી સફળતા મળી છે. જુનાદિવા ગામના સેવા ભવનના દરવાજાના નકુચા તોડી અજાણ્યા તસ્કરોએ પ્રવેશ કર્યો હતો અને ભવનના હોલમાં રાખેલા પિતળના મોટા 06 તપેલા, 05 થાળીઓ, બે પિતળના પીપ અને એક એલ્યુમિનિયમની પીપની ચોરી કરી હતી. આ ચોરાયેલા મુદ્દામાલની બજાર કિંમત આશરે ₹80,000 અંદાજવામાં આવી હતી.

આ બનાવ અંગે ફરિયાદ નોંધાયા બાદ જિલ્લા પોલીસ વડાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફ એક્શનમાં આવ્યો હતો. અલગ-અલગ જગ્યાના સીસીટીવી ચેક કરીને અને બાતમીદારો સક્રિય કરીને તપાસ તેજ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને સચોટ માહિતી મળી કે એક શખ્સ પિરામણ ખાડી પાસે ઝાડીઓમાં ચોરીનો સામાન સંતાડીને બેઠો છે અને તેને વેચવાની તૈયારી કરી રહ્યો છે. પોલીસની ટીમે તાત્કાલિક પિરામણ આંબલા ખાડી પાસે વોચ ગોઠવીને શંકાસ્પદ ઇસમને કોર્ડન કર્યો હતો. તલાશી લેતા તેની પાસેથી સેવા ભવનમાંથી ચોરાયેલા તમામ પિતળના વાસણો મળી આવ્યા હતા. પોલીસે આરોપીની અટકાયત કરી પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી. હાલમાં પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી આ ચોરીમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે.



રિપોર્ટ : શૈલેષ સોલંકી

# પાલેજમાં સોનાનું બિસ્કિટ વેચવા નીકળેલો બોરી ગામનો ઇસમ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાની મિલકત સંબંધી ગુનાઓ ડામી દેવાની સૂચનાને પગલે પાલેજ પોલીસે એક મહત્વની સફળતા મેળવી છે. પાલેજ પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એક ચોક્કસ બાતમી મળી હતી કે ગ્રે કલરનું શર્ટ અને મહેંદી કલરનું પેન્ટ પહેરેલો એક ઇસમ પાલેજ બજારમાં સોનાનું બિસ્કિટ વેચવા માટે ગ્રાહક શોધી રહ્યો છે. મળેલી વિગતોના આધારે પોલીસે વોચ ગોઠવીને સુભાષભાઈ હરિભાઈ વસાવા (રહે. બોરી, તા.જી. ભરૂચ) ને ઝડપી પાડ્યો હતો. તેની અંગઝડતી લેતા તેના પેન્ટના ખિસ્સામાંથી કાગળમાં વીંટાળેલું પીળા રંગનું સોનાનું બિસ્કિટ મળી આવ્યું હતું. આ 10 ગ્રામ સોનાના બિસ્કિટ પર ભરૂચના એક જ્વેલર્સનું નામ અને શુદ્ધતાના માર્ક લખેલા હતા. જ્યારે પોલીસે આ બિસ્કિટની માલિકી અંગેના દસ્તાવેજો માંગ્યા, ત્યારે આરોપી સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. કુલ ₹1,60,000નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે શંકાસ્પદ મિલકત હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ બિસ્કિટ ક્યાંથી અને કેવી રીતે મેળવ્યું તે અંગે પોલીસ હવે કડકાઈથી પૂછપરછ કરી રહી છે. પાલેજ પોલીસની આ કામગીરીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.



રિપોર્ટ : શૈલેષ સોલંકી

**પાલેજ પોલીસે બાતમીના આધારે બજારમાં બિલ વગર સોનાનું બિસ્કિટ વેચવા નીકળેલા બોરી ગામના સુભાષ વસાવાને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી ₹1.60 લાખની કિંમતનું 10 ગ્રામ સોનાનું બિસ્કિટ મળી આવ્યું છે, જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.**

# ગુજરાતની 40 શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા અફરાતફરી

## વડોદરા-અમદાવાદની 40 સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકી



**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના બે મુખ્ય શહેરો અમદાવાદ અને વડોદરાની 40 જેટલી શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા મેઈલે સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચાવી દીધો છે. આ કોઈ સામાન્ય અફવા નથી, પરંતુ રાજ્યના શાંત વાતાવરણને ડહોળવાનો અને વાલીઓમાં ફફડાટ ફેલાવવાનો શરારતી તત્વોનો ખતરનાક પ્રયાસ છે. શાળાઓને મોકલવામાં આવેલા ઈમેઈલમાં ઉઘાડેછોગ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. મેઈલમાં લખાયું છે કે 'ગુજરાત ખાલિસ્તાન બનશે' અને 'હિન્દુસ્તાનના ટુકડા થશે'. વડોદરાની બ્રાઈટ સ્કૂલને મળેલી ધમકીમાં તો સવારે 8 વાગ્યે વિસ્ફોટ કરવાની ચીમકી અપાઈ હતી. આ લખાણ સાબિત કરે છે કે આ કોઈ ભયાનક ષડયંત્રનો ભાગ છે, જે દેશની અસ્મિતા પર પ્રહાર કરે છે. ધમકી મળતા જ પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો શાળાઓમાં સર્ચ ઓપરેશન માટે દોડી ગઈ હતી. જોકે તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી, પરંતુ વાલીઓમાં આક્રોશ છે. એક વાલીએ રોષે ભરાતા કહ્યું કે, "અમે કામ પર હોઈએ ત્યારે આવા મેસેજ આવતા જીવ અધ્ધર થઈ જાય છે. તંત્ર કેમ કાયમી ઉકેલ નથી લાવતું?" સાયબર એક્સપર્ટ્સનું માનવું છે કે સાયબર અપરાધીઓ પોલીસની પ્રતિક્રિયા અને સુરક્ષા એજન્સીઓની એસઓપી (SOP) માપવા માટે આવા મેઈલ કરે છે. ઉલ્લેખનીય છે કે 17 ડિસેમ્બર 2025 અને 23 જાન્યુઆરી 2026ના રોજ પણ આવી જ ધમકીઓ મળી હતી. વારંવાર મળતા આ ઈમેઈલ છતાં હજુ સુધી મુખ્ય આરોપીઓ સુધી પોલીસ પહોંચી શકી નથી. સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકરના જણાવ્યા મુજબ, આ એક પ્રકારનું 'સાયબર વોરફેર' છે. આગામી બોર્ડની પરીક્ષાઓ સમયે જો આવું થશે તો વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિ પર શું અસર થશે તે મોટો પ્રશ્ન છે. શું આપણું સાયબર વિભાગ માત્ર વીપીએન અને પ્રોટોનમેઈલના બહાના હેઠળ હાથ પર હાથ ધરીને બેસી રહેશે?

**ગુજરાતમાં ફરી એકવાર આતંકનો ઓછાયો! વડોદરાની 25 અને અમદાવાદની 15 શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો છે. મોદી-શાહને ટાર્ગેટ કરતા અને ખાલિસ્તાનના નામે આવેલા આ ઈમેઈલથી વાલીઓના જીવ તાળવે ચોંટ્યા છે. તંત્રમાં દોડધામ મચી ગઈ છે.**

# પાનોલી પોલીસે સંજાલીથી ચોરાયેલી રિક્ષા સાથે એક શખ્સને ઝડપ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચના પાનોલી પોલીસ સ્ટેશન દ્વારા વાહન ચોરીના ગુનામાં મહત્વની સફળતા મેળવવામાં આવી છે. વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ અને ભરૂચ એસ.પી. અક્ષય રાજની સૂચનાથી જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ ઉકેલવા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કામગીરીના ભાગરૂપે પાનોલી પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એમ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ટીમો બનાવવામાં આવી હતી. તાજેતરમાં પાનોલી વિસ્તારમાંથી એક કાળા કલરની રિક્ષાની ચોરી થઈ હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની માહિતીના આધારે પોલીસને જાણ થઈ કે એક ઈસમ ચોરાયેલી રિક્ષા સાથે કીમથી અંકલેશ્વર તરફ જઈ રહ્યો છે. ખરોડ ઓવરબ્રિજ પાસે વોચ દરમિયાન બાતમી મુજબની રિક્ષા આવતા પોલીસે તેને રોકી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે રિક્ષા ચાલક સુનિલભાઈ દિવાલ્યાભાઇ વસાવે (રહે. હરિયાલ, મૂળ મહારાષ્ટ્ર) પાસે વાહનના કોઈ કાગળો નહોતા. પોલીસે યુક્તિપૂર્વક પૂછપરછ કરતા તેણે કબૂલ્યું હતું કે આ રિક્ષા તેણે સંજાલી ગામના સોમવારી માર્કેટમાંથી ચોરી કરી હતી. આરોપી આ રિક્ષાને પેસેન્જર ભાડે ફેરવવા માટે વાપરતો હતો. હાલમાં પોલીસે આરોપી સુનિલ વસાવેની ધરપકડ કરી રિક્ષા કબજે કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.



રિપોર્ટ : શૈલેષ સોલંકી




## અકસ્માત વળતર: હાઈકોર્ટે વીમા કંપનીની દલીલો ફગાવી

ગુજરાત હાઈકોર્ટે અકસ્માત વળતરના એક મહત્વના કેસમાં વીમા કંપનીને ઝટકો આપ્યો છે. રાજકોટની મોટર અકસ્માત ક્લેમ ટ્રિબ્યુનલે વર્ષ ૨૦૨૧માં શેર ટ્રેડિંગ અને બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા ૨૪ વર્ષીય મૃતક યુવકના પરિવારને વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ ચુકાદાને વીમા કંપનીએ હાઈકોર્ટમાં પડકારી વળતર ઘટાડવાની માંગ કરી હતી.

વીમા કંપનીની દલીલ હતી કે અકસ્માતમાં મૃતકની ૫૦ ટકા જવાબદારી ગણવી જોઈએ અને વ્યાજ દર પણ ઘટાડવા જોઈએ. સામા પક્ષે મૃતકના પરિજનોએ સાબિત કર્યું કે બોલેરો જીપ રોંગ સાઈડથી ડિવાઈડર કૂદીને આવી હતી, જેમાં યુવકની કોઈ ભૂલ નહોતી. હાઈકોર્ટે ટ્રિબ્યુનલના ૧.૨૦ કરોડના વળતરના આદેશને યોગ્ય ઠેરવ્યો છે અને ટ્રિબ્યુનલ નક્કી કરેલી રકમ ઉપરાંત વધારાના ૨૩ હજાર રૂપિયા ચૂકવવા હુકમ કર્યો છે. આ ચુકાદાથી અકસ્માતનો ભોગ બનનારા પરિવારો માટે વળતર મેળવવાની આશા વધુ પ્રબળ બની છે.

## સરખેજ: 12 લોડિંગ ગાડીઓ બારોબાર વેચી દેતા પોલીસ ફરિયાદ

સરખેજમાં રહેતા ઈકબાલ સિપાઈએ પોર્ટર કંપનીમાં કોન્ટ્રાક્ટ હોવાનું કહીને ગાડી માલિકો સાથે લાખોની છેતરપિંડી આચરી છે. ધંધુકાના ઉકડભાઈ મુંધવાને મહિને ₹27,000 ભાડાની લાલચ આપી ઈકબાલે તેમની બે ગાડીઓ ભાડે લીધી હતી. ત્યારબાદ વધુ ગાડીની જરૂર હોવાનું કહેતા ઉકડભાઈએ પોતાના મિત્રો અને ઓળખીતાની મળીને કુલ 12 લોડિંગ ગાડીઓ ઈકબાલને સોંપી હતી. લાંબા સમય સુધી કોન્ટ્રાક્ટના કાગળો ન આપતા અને ભાડું બંધ કરી દેતા ઉકડભાઈને શંકા ગઈ હતી. તેમણે જ્યારે ખાનગી રાહે તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે ઈકબાલે આ ₹18 લાખની કિંમતની તમામ 12 ગાડીઓ અન્ય વ્યક્તિઓને બારોબાર વેચી દીધી હતી. પોતાની મિલકત ગુમાવનાર ઉકડભાઈએ આખરે હિંમત દાખવી સરખેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## અમદાવાદ AMC: તમામ હેલ્થ સેન્ટરો પર હડકવા રસી ઉપલબ્ધ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આરોગ્યલક્ષી સેવાઓમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. શહેરમાં કુતરા કરડવાની ઘટનાઓ સતત વધી રહી છે, ત્યારે દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી તમામ અર્બન હેલ્થ સેન્ટરો (UHC) પર હડકવાની રસી આપવાનો નિર્ણય લેવાયો છે. આજે મળેલી હેલ્થ કમિટીની બેઠકમાં આ મહત્વનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

હેલ્થ કમિટીના ચેરમેન જશુભાઈ ઠાકોરના જણાવ્યા અનુસાર, કોઈપણ વ્યક્તિને કુતરું કરડે ત્યારે પ્રથમ ડોઝ સમયસર લેવો અત્યંત અનિવાર્ય હોય છે. અત્યાર સુધી લોકોએ સિવિલ કે મોટી હોસ્પિટલો અથવા મર્યાદિત 25 સેન્ટરો પર ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવે દરેક વોર્ડમાં આવેલા અર્બન હેલ્થ સેન્ટર પર રસી મળી રહેશે. રસીના વેસ્ટેજને અટકાવવા માટે એવી વ્યવસ્થા કરાઈ છે કે પ્રથમ ડોઝ દરેક જગ્યાએ મળશે, પરંતુ બીજા ડોઝ માટે દર્દીએ જ્યાં વાયલ (રસીની બોટલ) ખુલ્લી હોય ત્યાં જઈને ડોઝ લેવાનો રહેશે. આ નિર્ણયથી સામાન્ય જનતાને મોટી રાહત થશે.




# સાંજણાવદર: 67 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા, સમૂહ લગ્ન સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** સાંજણાવદર ખાતે આઠમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન મહોત્સવનું ભવ્ય આયોજન સંપન્ન થયું છે. સંત શ્રી કાળુબાપુના આશીર્વાદ સાથે યોજાયેલા આ સમૂહ લગ્નમાં 67 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડી નવું જીવન શરૂ કર્યું છે. આ આયોજનને સફળ બનાવવા માટે સાંજણાવદર સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન સમિતિ અને સમગ્ર સાંજણાવદર ગામના લોકોએ જહેમત ઉઠાવી હતી. મહોત્સવમાં સંતો-મહંતોની સાથે રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની એક વિશેષતા એ રહી કે નવદંપતીઓને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે સાંજણાવદરના તલાટી મંત્રી તથા રાહુલભાઈ આર. મેણીયા (ભાંભણવાળા) અને સંજયભાઈ રાઠોડ દ્વારા લગ્ન મંડપમાં જ મેરેજ સર્ટિફિકેટ તૈયાર કરી એનાયત કરવામાં આવ્યા હતા. સમૂહ લગ્ન સમિતિએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી સમાજમાં એકતા વધે છે અને આર્થિક બચત પણ થાય છે. ભોજન સમારંભથી લઈને લગ્નની તમામ વિધિઓ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ હતી. મહોત્સવના અંતે આયોજકોએ આ ભગીરથ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સેવા આપનાર તમામ કાર્યકરો અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.



રિપોર્ટ : મનસુખ વાળા

**સંત શ્રી કાળુબાપુના આશીર્વાદથી સાંજણાવદર ગામે આઠમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં 67 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. કાર્યક્રમમાં સંતો-મહંતો હાજર રહ્યા હતા અને સ્થળ પર જ દંપતીઓને લગ્ન નોંધણીના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.**

# બોટાદમાં ગૌરક્ષક સામતભાઈ જેબલીયા દ્વારા શ્રી આર્યન ભગતનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ શહેરના સામાજિક અને ધાર્મિક સંગઠનોમાં અગ્રેસર રહેતા અને જાણીતા ગૌરક્ષક સામતભાઈ જેબલીયાએ તાજેતરમાં શ્રી આર્યન ભગતનું રજવાડી શૈલીમાં સન્માન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. સામતભાઈ જેબલીયા તેમની બહુમુખી પ્રતિભા અને ગૌસેવા માટે જાણીતા છે, તેમણે આર્યન ભગતની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવા આ આયોજન કર્યું હતું. સન્માન સમારોહ દરમિયાન સામતભાઈએ આર્યન ભગતને કેસરીયો સાફો બાંધ્યો હતો અને તેના પર રજવાડી કલંગી લગાવી હતી. પરંપરાગત રીતે શક્તિ અને સૌર્યના પ્રતીક તરીકે રજવાડી તલવાર અર્પણ કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ રજવાડી ઠાઠ સાથે થયેલા સન્માનથી વાતાવરણ ગૌરવવંતુ બન્યું હતું. સામે પક્ષે શ્રી આર્યન ભગત પણ સામતભાઈની ગૌરક્ષક તરીકેની સેવાઓથી પ્રભાવિત થયા હતા. તેમણે સામતભાઈ જેબલીયાને સાળંગપુરના કષ્ટભંજન દેવનો ફોટો સ્મૃતિચિહ્ન રૂપે અર્પણ કર્યો હતો. આર્યન ભગતે સામતભાઈના સેવાકાર્યોની પ્રશંસા કરી તેમને આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમ બાદ સામતભાઈ જેબલીયાએ જણાવ્યું હતું કે, સામાજિક અને ધાર્મિક મૂલ્યોનું જતન કરતા વ્યક્તિઓનું સન્માન કરવું એ આપણી સંસ્કૃતિ છે. આ મિલનથી સમાજમાં હકારાત્મક સંદેશ જશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.




રિપોર્ટ : મનસુખ વાળા

**બોટાદના જાણીતા ગૌરક્ષક સામતભાઈ જેબલીયા દ્વારા શ્રી આર્યન ભગતનું રજવાડી સન્માન કરવામાં આવ્યું હતું. સામતભાઈએ તેમને કેસરીયો સાફો અને તલવાર અર્પણ કરી હતી, જ્યારે સામે આર્યન ભગતે કષ્ટભંજન દેવનો ફોટો અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા.**

# ગાંધીનગરમાં દેશનો પ્રથમ ગ્રાહક જવાબદારી સૂચકાંક CRI લોન્ચ કરાયો

## ગુજરાતમાં દેશનો પ્રથમ કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ લોન્ચ

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગર: વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા તરફ ગુજરાત સરકારે ગ્રાહક અધિકારોના સંરક્ષણ માટે એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના ગ્રાહક બાબતોના વિભાગ, CERC અને CARE Edge વચ્ચે દેશનો પ્રથમ 'ગ્રાહક જવાબદારી સૂચકાંક' (CRI) વિકસાવવા માટે સીમાચિહ્નરૂપ ત્રિપક્ષીય કરાર કરવામાં આવ્યા હતા. આ ઐતિહાસિક માળખું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના મુખ્ય સચિવ સુશ્રી મોના ખંધાર અને અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. CRI નો ઉદ્દેશ્ય અને મહત્વ: CRI એટલે કે કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સનો મુખ્ય હેતુ ઉદ્યોગો દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવતા વ્યવહારને પારદર્શક અને માપી શકાય તેવો બનાવવાનો છે. અત્યાર સુધી ઉદ્યોગ જગતમાં ગ્રાહક સુરક્ષા માત્ર એક ખ્યાલ હતો, પરંતુ હવે CRI દ્વારા કંપનીઓની નૈતિકતા અને સેવાની ગુણવત્તાનું વ્યાવસાયિક મૂલ્યાંકન કરવામાં આવશે. CERC ના અધ્યક્ષ ડૉ. સુનિલ પારેખે આ પહેલને પરિવર્તનકારી ગણાવી હતી, જે ગ્રાહક વિશ્વાસ મજબૂત કરશે. MoU ના ભાગરૂપે ગુજરાતના દરેક જિલ્લામાં સમાધાન અને પ્રી-લિટિગેશન કેન્દ્રો સ્થાપવામાં આવશે, જેથી ગ્રાહકોને સસ્તો અને ઝડપી ન્યાય મળી રહે. આ ઉપરાંત, 'સાયબર સુરક્ષિત ગુજરાત' અભિયાન હેઠળ યુવાનો અને નાગરિકોને ડિજિટલ છેતરપિંડી સામે જાગૃત કરવામાં આવશે. આ આખી ઇકો-સિસ્ટમ ગ્રાહક સુરક્ષા માટેનું એક 'ગુજરાત મોડેલ' પ્રસ્થાપિત કરશે, જે ભવિષ્યમાં સમગ્ર ભારત માટે દિશાસૂચક બનશે. આ સૂચકાંક દ્વારા ગ્રાહકો વધુ જાણકાર બની શકશે અને સેવા પ્રદાતાઓ ઉચ્ચતમ ધોરણો અપનાવવા માટે પ્રોત્સાહિત થશે.




**ગાંધીનગર ખાતે ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે એક ઐતિહાસિક પગલું ભરતા 'કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ (CRI)' લોન્ચ કરાયો હતો. કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ગુજરાત સરકાર, CERC અને CARE Edge વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર થયા હતા. આ સૂચકાંક ઉદ્યોગો દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવતા વ્યવહારને માપવા માટેનું પ્રમાણભૂત માળખું બનશે. આ પહેલનો ઉદ્દેશ્ય નૈતિક વ્યવસાયિક પ્રથાઓને પ્રોત્સાહન આપી ભારતીય ગ્રાહકને વિકાસના કેન્દ્રમાં મૂકવાનો છે**

# કેશોદમાં રઘુવંશી ક્રિકેટ પ્રીમિયર લીગમાં ખુશ ઈલેવન ટીમ વિજેતા બની

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદના રઘુવંશી સમાજ દ્વારા રમતગમત અને સામાજિક સૌહાર્દને વેગ આપવા માટે "રઘુવંશી ક્રિકેટ પ્રીમિયર લીગ-2025"નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. ભારત મીલ મેદાન પર રમાયેલી આ ટૂર્નામેન્ટમાં મોટી સંખ્યામાં સમાજના યુવાનો અને રમતપ્રેમીઓ ઉમટી પડ્યા હતા. ટૂર્નામેન્ટની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી, જેમાં ડો. સ્નેહલ તન્ના, કે.ટી. દેવાણી અને દિનેશ રાજા જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટૂર્નામેન્ટમાં દરેક મેચ રોમાંચક રહી હતી, પરંતુ ફાઈનલ મેચમાં 'ખુશ ઇલેવન' ટીમે શાનદાર પ્રદર્શન કરી 'અજય સિમેન્ટ 11' સામે વિજય મેળવ્યો હતો. વ્યક્તિગત સિદ્ધિઓમાં અંકુર રાયચડાએ પોતાની બોલિંગ અને ઓલરાઉન્ડ પ્રદર્શનથી મેન ઓફ ધ મેચ તેમજ બેસ્ટ બોલરનો એવોર્ડ જીત્યો હતો. બ્રિજેશ વિઠલાણીએ બેસ્ટ બેટ્સમેન તરીકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. દીપેન અટારા અને બાબા મેઘનાથીની ધારદાર કોમેન્ટ્રીએ મેદાનનું વાતાવરણ ગુંજતું રાખ્યું હતું.

ઇનામ વિતરણ સમારોહમાં મહાનુભાવોએ ખેલાડીઓને બિરદાવ્યા હતા અને લોહાણા મહાજનના આગેવાનોએ આ પ્રકારના આયોજનો ભવિષ્યમાં પણ ચાલુ રાખવાની ખાતરી આપી હતી. આ ક્રિકેટ ઉત્સવે માત્ર રમત જ નહીં, પણ સમાજના યુવાનોને એક તાંતણે બાંધવાનું મહત્વનું કામ કર્યું છે.




રિપોર્ટ : હર્ષ ભરડા




## ચિઠોડા: રિક્ષામાંથી ટાયર અને બેટરીની ચોરી, તપાસ શરૂ

ચિઠોડા પંથકમાં રાત્રિના સમયે વાહનોમાંથી પાર્ટસ ચોરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. પરવઠ ગામે રહેતા ઉષાબેન ડામોરના ઘરના આંગણામાં પાર્ક કરેલી એક સીએનજી રિક્ષામાંથી કિંમતી સામાનની ચોરી થયાની ઘટના સામે આવી છે.

મળતી વિગતો મુજબ, તસ્કરોએ રિક્ષામાંથી વ્હીલ પ્લેટ સાથેના ત્રણ ટાયર, રિક્ષાની બેટરી અને જેક જેવી વસ્તુઓ પર હાથફેરો કર્યો છે. આ ચોરાયેલી તમામ મિલકતની કુલ કિંમત ₹11,100 જેટલી થાય છે. આ અંગે રિક્ષા માલિક સંદીપકુમાર અરવિંદભાઇ ઘોઘરાએ ચિઠોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ઘર પાસે જ પાર્ક કરેલા વાહનમાંથી આ પ્રકારે ટાયર અને બેટરીની ચોરી થતા સ્થાનિક રહીશોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. ચિઠોડા પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાલ પી.આઈ. આર.ડી. તરાલ આ સમગ્ર કેસની ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

## એશિયન ગાર્નીટોમાં ચોરી: કંપનીના 4 કર્મચારી ઝડપાયા

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં એશિયન ગાર્નીટો કંપનીના કર્મચારીઓ સામે જ ચોરીનો ગુનો નોંધાયો છે. દલપુરની સીમમાં આવેલી આ કંપનીના વોલ વિભાગમાંથી છેલ્લા કેટલાક સમયથી લોખંડનો ભંગાર ગાયબ થઈ રહ્યો હતો. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે આશરે ₹90,000ની કિંમતનો 3000 કિલો લોખંડનો ભંગાર અને પેલેટ ચોરાયા છે.

આ ચોરી કોઈ બહારની વ્યક્તિએ નહીં પરંતુ કંપનીના વિશ્વાસુ કર્મચારીઓએ જ કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે યોગેશગીરી ગોસ્વામી, અશોકસિંહ મકવાણા, અનિલકુમાર પાંડે અને નરેન્દ્રસિંહ પરમારની અટકાયત કરી છે. કર્મચારીઓ દ્વારા જ આ પ્રકારે કંપનીને નુકસાન પહોંચાડવામાં આવતા મેનેજમેન્ટમાં ચકચાર મચી ગઈ છે. હાલ પોલીસ આ ટોળકીએ અગાઉ કોઈ આવી ચોરી કરી છે કે કેમ તે દિશામાં તપાસ કરી રહી છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

## ખેડબ્રહ્મા: પશુ ચરાવવા જેવી નજીવી બાબતે લોહિયાળ સંઘર્ષ

ખેડબ્રહ્મા પંથકમાં પશુ ચરાવવા જેવી સામાન્ય બાબતે દંપતી પર કુહાડીથી હુમલો થતા ચકચાર મચી છે. ધોળીવાવ ગામે જેપાભાઇ રબારી અને તેમના પત્ની ચંપાબેન ઘેટાં ચરાવી રહ્યા હતા. આ દરમિયાન દેરોલ ગામના લાલાભાઇ કિકાજી રબારી અને હુરાજી રબારી ત્યાં આવી પહોંચ્યા હતા અને ઘેટાં ચરાવવા બાબતે તકરાર શરૂ કરી હતી.

બોલાચાલી ઉગ્ર બનતા લાલાભાઇએ ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલી લોખંડની કુહાડી ચંપાબેનના માથામાં મારી હતી, જેના કારણે તેમને ગંભીર ઇજાઓ પહોંચી હતી. સાથોસાથ હુરાજીએ જેપાભાઇને લાકડીથી માર માર્યો હતો. હુમલા બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ થતા જ નાયબ પોલીસ અધીક્ષક સ્મિત ગોહિલે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. હાલ પી.આઈ. આર.ટી. ઉદાવત આ કેસની તપાસ કરી રહ્યા છે. પોલીસે બંને હુમલાખોરોને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**




# કેશોદમાં દશનામ ગોસ્વામી સમાજ દ્વારા ભવ્ય શિવ શોભાયાત્રા યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રિના પાવન અવસરે કેશોદમાં દશનામ ગોસ્વામી સમાજ દ્વારા આયોજિત ભવ્ય શોભાયાત્રાએ શહેરના માર્ગો પર ભક્તિનું ઘોડાપૂર ઉમટાવ્યું હતું. સવારથી જ શ્રદ્ધાળુઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને "હર હર મહાદેવ"ના ગુંજતા નાદ સાથે શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. યાત્રામાં આકર્ષક ઝાંખીઓ, કેસરીયા ધ્વજ અને ઢોલ-નગારાના તાલે ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. મહિલાઓ અને વડીલો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. શહેરના વેપારી મહામંડળ અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા ઠેર-ઠેર પુષ્પવર્ષા કરી શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભક્તો માટે ઠંડા પાણી, શરબત અને ફળાહારની પણ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ગોસ્વામી સમાજના યુવા કાર્યકરો અને આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. સુરક્ષાના ભાગરૂપે પ્રશાસન દ્વારા પણ યોગ્ય વ્યવસ્થા જાળવવામાં આવી હતી. શોભાયાત્રાના અંતે આયોજિત મહા આરતી અને ભક્તિ સંગીતના કાર્યક્રમમાં હજારો લોકોએ શિવભક્તિનો લ્હાવો લીધો હતો.

આ પ્રસંગે સમાજના શ્રેષ્ઠીઓએ સૌને પર્વની શુભેચ્છા પાઠવી અને સામાજિક એકતા જાળવી રાખવાનો સંદેશ આપ્યો હતો.



રિપોર્ટ : હર્ષ ભરડા

**કેશોદમાં મહાશિવરાત્રિ નિમિત્તે દશનામ ગોસ્વામી સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. શહેરના મુખ્ય માર્ગો પર નીકળેલી આ યાત્રામાં શિવજીની ઝાંખીઓ અને ભક્તોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઠેર-ઠેર સ્વાગત અને મહા આરતી સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.**

# કેશોદમાં મહા શિવરાત્રિએ નવી બે સિટી બસ સેવાનું લોકાર્પણ કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** મહા શિવરાત્રિના પાવન અવસરે કેશોદ નગરપાલિકા દ્વારા શહેરની જનતા માટે વધુ એક મહત્વની સુવિધાનો ઉમેરો કરવામાં આવ્યો છે. નગરપાલિકાના યુવા પ્રમુખ મેહુલ ગોંડલીયાની આગેવાની હેઠળ શહેરમાં બે નવી સિટી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શહેરના નીલકંઠ મહાદેવ મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયો હતો. આ પ્રસંગે ઉપપ્રમુખના પ્રતિનિધિ ચિરાગ ભોપાળા, શહેર ભાજપ પ્રમુખ હિરેન ભોરણીયા અને નગરપાલિકાના અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા. પ્રમુખ મેહુલ ગોંડલીયાએ લોકાર્પણ બાદ જણાવ્યું હતું કે, કેશોદના નાગરિકોને સુગમ અને સુરક્ષિત પરિવહન સેવા પૂરી પાડવી એ નગરપાલિકાની મુખ્ય જવાબદારી છે. નવી બસો શરૂ થવાથી શહેરના અંતરિયાળ વિસ્તારોના નાગરિકો, નોકરીયાત વર્ગ અને ખાસ કરીને વિદ્યાર્થીઓને અવરજવર કરવામાં ઘણી સરળતા રહેશે. કેશોદમાં છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા વિકાસના કામોમાં સિટી બસ સેવાનો વધારો એ નગરજનો માટે સુખદ આશ્ચર્ય સમાન છે. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ઉમટી પડેલા નગરજનોએ તાળીઓના ગડગડાટ સાથે નવી બસોને વધાવી હતી. યુવા નેતૃત્વ હેઠળ કેશોદ શહેર હવે આધુનિક સુવિધાઓ તરફ ગતિ કરી રહ્યું છે તેવું આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું.



રિપોર્ટ : હર્ષ ભરડા

**મહા શિવરાત્રિના અવસરે કેશોદ નગરપાલિકાએ શહેરને બે નવી સિટી બસની ભેટ આપી છે. નીલકંઠ મહાદેવ મંદિર ખાતે પ્રમુખ મેહુલ ગોંડલીયાના હસ્તે બસનું લોકાર્પણ કરાયું હતું. આ સેવાથી વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વડીલોને પરિવહનમાં મોટી રાહત મળશે.**

# રેશનકાર્ડમાં નોંધાયેલા તમામ સભ્યો માટે e-KYC કરાવવું હવે ફરજિયાત

## અમદાવાદ: ગોદરેજ ગાર્ડન સિટીમાં અમરનાથ જેવો માહોલ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લામાં સરકારી અનાજ યોજનાનો લાભ લેતા હજારો રેશનકાર્ડ ધારકો માટે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા મહત્વની સૂચના જારી કરવામાં આવી છે. સરકારી અનાજ મેળવવાનું ચાલુ રાખવા માટે રેશનકાર્ડમાં નોંધાયેલા પરિવારના તમામ સભ્યોએ e-KYC કરાવવું હવે અનિવાર્ય છે.

શા માટે e-KYC જરૂરી છે? અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના જણાવ્યા અનુસાર, e-KYC પ્રક્રિયાનો મુખ્ય હેતુ ડેટાબેઝને શુદ્ધ કરવાનો છે. આનાથી સિસ્ટમમાં રહેલા નકલી કે બેવડા નામ ધરાવતા લાભાર્થીઓ દૂર થશે અને ખરેખર હકદાર એવા ગરીબ પરિવારો સુધી પૂરેપૂરું અનાજ પહોંચશે તેની ખાતરી કરી શકાશે.

**બનાસકાંઠા જિલ્લા તંત્ર દ્વારા નાગરિકો માટે ચાર સ્તરે આ સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે:**

- વ્યાજબી ભાવની દુકાન: તમે જ્યાંથી અનાજ મેળવો છો તે દુકાને જઈને બાયોમેટ્રિક દ્વારા e-KYC કરી શકાય છે.
- ગ્રામ પંચાયત: પંચાયત ભવનમાં VCE (વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર) મારફતે પણ આ કામગીરી થઈ શકશે.
- પોસ્ટ ઓફિસ અને મામલતદાર કચેરી: સ્થાનિક પોસ્ટ વિભાગના કર્મચારીઓ અને મામલતદાર કચેરી ખાતે પણ આ વ્યવસ્થા ઉપલબ્ધ છે.
- My Ration App: જે લોકો કચેરીએ જવા નથી માંગતા, તેઓ પોતાના સ્માર્ટફોનમાં 'My Ration App' ડાઉનલોડ કરીને આધાર કાર્ડના આધારે ઘરે બેઠા સેલ્ફ e-KYC કરી શકે છે.

તંત્રની અપીલ: જિલ્લા પુરવઠા અધિકારીશ્રી બનાસકાંઠાએ રેશાનાકાર્ડ ધારકોને અનુરોધ કર્યો છે કે જે પણ સભ્યોનું e-KYC બાકી છે, તેઓ તાત્કાલિક ધોરણે આ પ્રક્રિયા પૂર્ણ કરે. ખાસ કરીને બાયોમેટ્રિક વેરિફિકેશન માટે સભ્યોએ રૂબરૂ હાજર રહેવું જરૂરી છે. જે પરિવારોમાં e-KYC થઈ ગયું છે ત્યાં અનાજ વિતરણ વ્યવસ્થિત રીતે ચાલુ છે, પરંતુ બાકી રહેલા લોકોએ ભવિષ્યમાં અનાજ મેળવવામાં કોઈ તકલીફ ન પડે તે માટે જાગૃત રહીને આ કામ વહેલી તકે પતાવી લેવું જોઈએ. આ પ્રક્રિયાથી માત્ર ઓળખ જ સાબિત નથી થતી, પરંતુ સરકારી તંત્રમાં તમારી વિગતો પણ અપડેટ થાય છે જે અન્ય સરકારી યોજનાઓમાં પણ મદદરૂપ બની શકે છે.



રિપોર્ટ : વિશાલ ચૌહાણ

**બનાસકાંઠામાં સરકારી અનાજનો લાભ મેળવવા રેશનકાર્ડના તમામ સભ્યોએ e-KYC કરાવવું ફરજિયાત છે. નાગરિકો 'My Ration App', ગ્રામ પંચાયત અથવા વ્યાજબી ભાવની દુકાને જઈ આ પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. યોજનાનો અવિરત લાભ મેળવવા તંત્રએ અપીલ કરી છે.**

# અંબાજી મંદિર: હોળી અને ચંદ્રગ્રહણને પગલે દર્શનના સમયમાં ફેરફાર

**દૈનિક પલ્સ સમાચાર:** શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ફાગણ સુદ પૂનમ અને ચંદ્રગ્રહણ નિમિત્તે દર્શન અને આરતીના નવા સમયપત્રકની જાહેરાત કરવામાં આવી છે. હોળી અને ગ્રહણના પવિત્ર અવસરો પર મંદિરમાં ભક્તોની ભીડને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો છે. ૨ માર્ચ (હોળી) ના રોજ સવારે ૭:૩૦ થી ૮:૦૦ કલાકે આરતી અને ત્યારબાદ ૧૧:૩૦ સુધી દર્શન થઈ શકશે. સાંજે ૧૮:૩૦ કલાકે હોળી પ્રગટાવ્યા બાદ રાત્રિના ૨૧:૦૦ વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે. ૩ માર્ચ (ફાગણ પૂનમ) ના રોજ ચંદ્રગ્રહણ હોવાથી દર્શનના કલાકો મર્યાદિત રહેશે. સવારે ૬:૦૦ વાગ્યે આરતી બાદ માત્ર એક કલાક દર્શનનો લાભ મળશે. સવારના ૮:૦૦ થી રાત્રિના ૨૧:૩૦ સુધી મુખ્ય ગર્ભગૃહના દર્શન બંધ રાખવામાં આવશે. જોકે, ભક્તો નૃત્ય મંડપમાંથી સવારે ૦૯:૪૫ થી બપોરે ૧૪:૦૦ કલાક સુધી દર્શન કરી શકશે.ગ્રહણ બાદ રાત્રે આશરે ૨૧:૩૦ કલાકે શયનકાળની આરતી થશે. ૪ માર્ચથી દર્શનનો સમય પહેલાની જેમ સામાન્ય થઈ જશે. અંબાજી આવતા યાત્રિકોએ ગ્રહણના પાળવાના નિયમો અને મંદિરના સમયપત્રક મુજબ પોતાની યાત્રાનું આયોજન કરવા ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.



રિપોર્ટ : વિશાલ ચૌહાણ




# ગુજરાતને ભેટ: ઉદયપુર-અસારવા વંદે ભારત ટ્રેનનું હિંમતનગરમાં સ્વાગત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં રેલવે પરિવહન ક્ષેત્રે વધુ એક સીમાચિહ્ન ઉમેરાયું છે. સોમવારથી ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે ગુજરાતની 6ઠ્ઠી વંદે ભારત ટ્રેન છે. આ ટ્રેનનું હિંમતનગર રેલવે સ્ટેશન પર ઢોલ-નગારા અને પુષ્પવર્ષા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયાએ લીલી ઝંડી બતાવી ટ્રેનને અસારવા તરફ રવાના કરી હતી. આ ભવ્ય લોકાર્પણ પ્રસંગે DRM વેદ પ્રકાશ, જિલ્લા કલેક્ટર લલિત નારાયણસિંહ સાદુ, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રાર્થરાજ ગોહિલ, રાજ્યસભા સાંસદ રમીલા બારા, મયંક નાયક, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર સિંહ બારૈયા અને શામળાજી મંદિરના ટ્રસ્ટી સિદ્ધાર્થ પટેલ સહિત મોટી સંખ્યામાં સંગઠનના હોદ્દેદારો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉદયપુર અને અસારવા વચ્ચે દોડનારી આ હાઈસ્પીડ ટ્રેન સપ્તાહમાં 6 દિવસ મુસાફરોને સેવા પૂરી પાડશે. આ ટ્રેનની નિયમિત સેવા બુધવારથી વિધિવત રીતે શરૂ થશે. આ સુવિધાને કારણે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો લોકોનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું છે. સાંસદ શોભના બારૈયાએ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી હિંમતનગર સ્ટોપેજની માંગ કરી હતી, જેનો સરકારે સ્વીકાર કર્યો છે. સાંસદે જણાવ્યું હતું કે, વંદે ભારત ટ્રેનથી ઉત્તર ગુજરાતના પ્રવાસીઓને આધુનિક અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ મળશે. કાલુપુર રેલવે સ્ટેશનના નવીનીકરણનું કામ પૂર્ણ થતા આગામી સમયમાં હજુ વધુ સુવિધાઓ મળવાની અપેક્ષા છે. તેમણે સ્થાનિક નાગરિકોને આ ટ્રેન સેવાનો મહત્તમ લાભ લેવા અને પ્રવાસન ક્ષેત્રે જિલ્લાના વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.



રિપોર્ટ : જનક જાદવ




# વાવ-થરાદ: નર્મદા કેનાલનું પાણી 30 એપ્રિલ સુધી ચાલુ રાખવા માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના વાવ-થરાદ પંથકમાં સિંચાઈના પાણીના પ્રશ્ને ખેડૂતોની ચિંતા વધી છે. કિસાન કોંગ્રેસના ચેરમેન ઠાકરશીભાઈ રબારીએ આ મામલે સરકારમાં લેખિત રજૂઆત કરી છે. મુખ્યમંત્રી, વિધાનસભા અધ્યક્ષ અને વાવના ધારાસભ્યને મોકલેલા પત્રમાં તેમણે જણાવ્યું છે કે 15 માર્ચથી નર્મદા કેનાલ બંધ કરવાની જાહેરાત ખેડૂતો માટે નુકસાનકારક સાબિત થશે. વાવ અને થરાદના ખેડૂતોએ મોટા પ્રમાણમાં રવિ પાકનું વાવેતર કર્યું છે, જેની કાપણી હજુ 15 થી 20 દિવસ પછી શરૂ થવાની છે. મોટાભાગનો પાક એપ્રિલના અંત સુધી ખેતરોમાં ઉભો હોય છે. જો માર્ચના મધ્યમાં જ પાણી બંધ કરી દેવામાં આવે તો પાક સુકાઈ જવાની ભીતિ છે, જેનાથી ખેડૂતો પાયમાલ થઈ શકે છે. વધુમાં, આ વિસ્તારમાં ખેડૂતો પોતાના પશુધન સાથે ખેતરમાં જ વસવાટ કરે છે. પાણીના અભાવે પશુઓને પીવાનું પાણી મળવું પણ મુશ્કેલ બનશે. આ ગંભીર પરિસ્થિતિને ટાળવા માટે નર્મદા વિભાગની મુખ્ય નહેર તેમજ માઇનોર કેનાલોમાં પાણીની સપ્લાય 30 એપ્રિલ સુધી લંબાવવાની માંગ કરવામાં આવી છે. ખેડૂતોની લાગણી સમજીને તાકીદે હકારાત્મક નિર્ણય લેવા ઠાકરશીભાઈએ પત્રમાં આગ્રહ કર્યો છે.


રીપોર્ટ : વશાભાઈ વાલડીયા

**બનાસકાંઠા કિસાન કોંગ્રેસના ચેરમેન ઠાકરશીભાઈ રબારીએ મુખ્યમંત્રીને પત્ર લખી વાવ-થરાદ પંથકમાં નર્મદા કેનાલનું પાણી 30 એપ્રિલ સુધી ચાલુ રાખવા માંગ કરી છે. રવિ પાકની કાપણી બાકી હોવાથી ખેડૂતોના હિતમાં આ નિર્ણય લેવા રજૂઆત કરવામાં આવી છે.**

# મહેસાણા: મોઢેરામાં ગેરકાયદેસર દેશી બંદૂક સાથે એક શખ્સ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણા જિલ્લામાં ગેરકાયદેસર હથિયારોના દૂષણને નાબૂદ કરવા માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં છે. મહેસાણા S.O.G. (સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ) એ મોઢેરા ગામની સીમમાંથી એક શખ્સને દેશી બનાવટની બંદૂક સાથે ઝડપી પાડીને પ્રશંસનીય કામગીરી કરી છે. ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ અને મહેસાણા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીની કડક સૂચના બાદ, જિલ્લામાં સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. આ દરમિયાન S.O.G.ના પી.આઈ. એન.આર.વાઘેલાના નેતૃત્વમાં એક ટીમ મોઢેરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તા. 15 ફેબ્રુઆરી 2026ના રોજ પેટ્રોલીંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ રહીશખાન અને કોન્સ્ટેબલ મહેશકુમારને અંગત રાહે બાતમી મળી હતી કે મોઢેરાની સીમમાં ઝાડીઓ પાછળ એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં છુપાયેલો છે. પોલીસ ટીમે પંચોને સાથે રાખી તુરંત રેઇડ કરી હતી. સ્થળ પરથી સમીર ઉર્ફે હનીફ આમદભાઇ સિન્ધી (રહે. પોયડા, તા. બેચરાજી) ને પકડી લેવામાં આવ્યો હતો. તેની તલાશી લેતા તેની પાસેથી ₹2,000ની કિંમતની એક દેશી હાથ બનાવટની એક નાળી બંદૂક મળી આવી હતી. આ હથિયાર રાખવા માટે તેની પાસે કોઈ કાયદેસરની પરમીટ ન હોવાથી પોલીસે તેની અટકાયત કરી હતી. આ ઓપરેશનમાં PSI એ.એમ.રાઠોડ સહિત હેડ કોન્સ્ટેબલ રહીશખાન, કોન્સ્ટેબલ મહેશકુમાર, જયેશકુમાર, યોગેશકુમાર અને ધર્મેન્દ્રકુમારે મહત્વની કામગીરી કરી હતી. પકડાયેલ આરોપી વિરુદ્ધ મોઢેરા પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીથી વિસ્તારના અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે અને પોલીસે આગામી દિવસોમાં પણ આવી ઝુંબેશ ચાલુ રાખવાની નેમ વ્યક્ત કરી છે.



**સ્વ. શારદાબેન ભરતભાઈ પટેલની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે ભરતભાઈ અને વિકીભાઈ પટેલ પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો. જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં 69 બોટલ રક્ત એકત્રિત કરી માનવતા મહેકાવવામાં આવી હતી.**

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલનું કરોડોનું શિક્ષણ કૌભાંડ આવ્યું બહાર

## અમદાવાદની સેવન્થ ડે સ્કૂલનું 19 કરોડનું RTE કૌભાંડ

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણના પવિત્ર ધામને વેપારનું કેન્દ્ર બનાવનાર મણીનગરની સેવન્થ ડે સ્કૂલનો શરમજનક ચહેરો ફરી એકવાર બેનકાબ થયો છે. આ શાળાએ વર્ષ 2017-18થી અત્યાર સુધી રાઈટ ટુ એજ્યુકેશન (RTE) કાયદા હેઠળ એક પણ ગરીબ વિદ્યાર્થીને પ્રવેશ ન આપીને શિક્ષણ જગતની સૌથી મોટી ગેરરીતિ આચરી છે. ગરીબ બાળકોના હક છીનવીને 8000 બેઠકો પર તગડી ફી વસૂલનારા સંચાલકોએ 19 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે.

સેવન્થ ડે સ્કૂલના સંચાલકો પોતાની ગેરરીતિ છુપાવવા માટે માઈનોરીટી સ્કૂલ હોવાનો ઓથો લઈ રહ્યા છે. જોકે, ચોંકાવનારી વાસ્તવિકતા એ છે કે શાળાના પ્રાથમિક વિભાગ પાસે માઈનોરીટીનું કોઈ કાયદેસરનું સર્ટિફિકેટ જ નથી. આ હોવા છતાં, છેલ્લા 7 વર્ષથી શાળાએ RTEના નિયમોનું ઉલ્લંઘન કરી ગરીબ બાળકોને દરવાજાની બહાર રાખ્યા અને તે જ બેઠકો પર સામાન્ય વિદ્યાર્થીઓ પાસેથી FRC મુજબ લાખોની ફી વસૂલી. શાળા દ્વારા કરવામાં આવેલી માઈનોરીટી સર્ટિફિકેટની અરજી સરકાર દ્વારા નામંજૂર કરવામાં આવી છે. આ મામલો હાલ કોર્ટમાં ચાલી રહ્યો છે, જ્યાં શિક્ષણ વિભાગે શાળાની ગેરરીતિઓના તમામ પુરાવા રજૂ કર્યા છે. વિભાગે સ્પષ્ટ કર્યું છે કે શાળાએ જાણી જોઈને ગરીબ બાળકોને પ્રવેશથી વંચિત રાખી કરોડોની ફી ભેગી કરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના નસીબનું શિક્ષણ છીનવીને પોતાની તિજોરી ભરનારી આ સંસ્થા સામે અમદાવાદના વાલીઓમાં ભારે આક્રોશ છે. શું કોર્ટ આ ભ્રષ્ટ શાળાની માન્યતા રદ કરશે? 19 કરોડની જે ફી વસૂલી છે તે શું સરકાર જપ્ત કરશે? આ પ્રશ્નો સાથે સમગ્ર ગુજરાતની નજર હવે કોર્ટના ચુકાદા પર છે. શિક્ષણના નામે ચાલતી આવી ઉઘાડી લૂંટ સામે કડક દાખલો બેસાડવો અનિવાર્ય બન્યો છે.



રિપોર્ટ : વિશાલ ચૌહાણ

**અમદાવાદની મણીનગર સ્થિત સેવન્થ ડે સ્કૂલે શિક્ષણના નામે કમાણીનું સાધન બનાવી લીધું છે. વર્ષ 2017-18થી અત્યાર સુધી RTE હેઠળ એક પણ ગરીબ બાળકને પ્રવેશ આપ્યો નથી. માઈનોરીટી સ્કૂલનું બહાનું ધરીને આ સંસ્થાએ 8000 જેટલી બેઠકો પર સામાન્ય વિદ્યાર્થીઓ ભરી 19 કરોડ રૂપિયાની ગેરકાયદે ફી વસૂલી લીધી છે. ચોંકાવનારી વાત એ છે કે શાળા પાસે પ્રાથમિક વિભાગનું માઈનોરીટી સર્ટિફિકેટ જ નથી. ગરીબોનો હક છીનવનારી આ શાળા સામે શિક્ષણ વિભાગે કોર્ટમાં પુરાવા રજૂ કર્યા છે.**

# સુરતના કુખ્યાત ચિરાગ ગોટીનું પોલીસે જાહેરમાં સરઘસ કાઢી તપાસ કરી

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં એક સમયે જેનો ડર હતો તેવા કુખ્યાત ચિરાગ ગોટીની હાલત આજે કફોડી જોવા મળી હતી. પોલીસે જ્યારે તેનું સરઘસ કાઢ્યું ત્યારે લોકોનો વર્ષોનો આક્રોશ બહાર આવ્યો હતો. ચિરાગ ગોટીએ તેના જ ભાગીદાર અલ્પેશ મિયાણીની કારમાં આશરે 10 મહિના પહેલા 7.87 લાખનું ડ્રગ્સ પ્લાન્ટ કરી પોલીસને બાતમી આપી હતી. જોકે, પોલીસની ઊંડી તપાસમાં ચિરાગ પોતે જ સૂત્રધાર હોવાનું બહાર આવ્યું હતું.

આજે જ્યારે SOG પોલીસ તેને તપાસ માટે લઈ ગઈ ત્યારે હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. લોકોએ તેને ઘેરી લીધો હતો અને ભારે ધક્કામુક્કી વચ્ચે તેનો શર્ટ પણ ફાટી ગયો હતો. જે વિસ્તારમાં તે ધમકીઓ આપતો હતો, ત્યાં જ આજે લોકોએ ફટાકડા ફોડી અને ઢોલ વગાડી તેની ધરપકડને વધાવી લીધી હતી. ભયભીત થયેલો ચિરાગ લોકો પાસે દયાની ભીખ માંગતો અને હાથ જોડતો જોવા મળ્યો હતો. પોલીસ ચોપડે ચિરાગ સામે લૂંટ, ધમકી અને ડ્રગ્સ જેવા 6થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. તે ધરપકડથી બચવા નેપાળની અલગ અલગ હોટલોમાં છુપાયો હતો, પણ અંતે તેને કોર્ટમાં શરણાગતિ સ્વીકારવી પડી હતી. સ્થાનિકોએ પોલીસની આ કડક કાર્યવાહીને બિરદાવી છે અને ચિરાગ જેવા ગુંડા તત્વો સામે દાખલારૂપ સજાની માંગ કરી છે.


રિપોર્ટ : કિરણકુમાર ગોહેલ




# કરાલી પાસે દારૂના જથ્થા સાથે ક્રેટા કાર જપ્ત કરાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** છોટાનગર પાસે કરાલી પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને વિદેશી દારૂ ભરેલી ક્રેટા કાર ઝડપી પાડી છે. કરાલી પોલીસ સ્ટેશનનો સ્ટાફ રંગલી ચોકડી પાસે રાત્રિ દરમિયાન વાહન ચેકિંગની કામગીરીમાં હતો, ત્યારે એક સફેદ રંગની હ્યુન્ડાઇ ક્રેટા કાર શંકાસ્પદ હાલતમાં પસાર થઈ હતી. આ કાર પર નંબર પ્લેટ ન હોવાથી પોલીસે તેને રોકવા માટે ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે કારની ઝડપ વધારી મૂકી હતી. પોલીસે હિંમતપૂર્વક પીછો ચાલુ રાખતા છોટાનગર પાસે રસ્તો નવો હોવાથી અને અંધારું હોવાથી ચાલક કાર અધવચ્ચે મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસે એન્જિન અને ચેસિસ નંબરના આધારે તપાસ શરૂ કરી છે. ગાડીની અંદરથી વિદેશી દારૂના ક્વાર્ટરીયા અને બિયરના ટીન સહિત કુલ 1560 નંગ જથ્થો મળ્યો હતો, જેની બજાર કિંમત ₹2.61 લાખ છે. દારૂ અને ₹7 લાખની કિંમતની લક્ઝરી કાર મળીને કુલ ₹9.61 લાખનો મુદ્દામાલ કરાલી પોલીસના હાથે લાગ્યો છે. આ કામગીરીમાં ઇન્ચાર્જ પી.આઈ. ડી.કે. પંડ્યા, એ.એસ.આઈ. લાખનસિંહ અને હેડ કોન્સ્ટેબલ અશ્વિનભાઈ જોડાયા હતા. પોલીસ હવે ફરાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.


રિપોર્ટ : સંજયસિંહ રણા







# આણંદ: SOG કચેરી પાસે દારૂની બોટલો મળી આવતા તંત્ર સામે સવાલ

**દૈનિક પલ્સ સમાચાર:** આણંદમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર હોય તેવું ચિત્ર ઊપસી રહ્યું છે. તાજેતરમાં આણંદ એસઓજી (SOG) કચેરીની સામે જ વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવતા સ્થાનિક વહીવટીતંત્ર દોડતું થયું છે. એસઓજી કચેરીથી માંડ ૨૦ મીટર દૂર દારૂની ખાલી બોટલો મળી આવવી એ કાયદાના અમલવારીમાં રહેલી મોટી ખામી સૂચવે છે. રાજ્ય સરકાર દારૂબંધીને લઈને કડક વલણ અપનાવવાની વાતો કરે છે, પરંતુ જ્યારે કાયદાના રક્ષકોની નાક નીચે જ દારૂ પીવાતો હોવાના પુરાવા મળે ત્યારે લોકોનો વિશ્વાસ ડગમગે છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈને ભારે ગુસ્સો છે. લોકોના મતે, આ માત્ર દારૂ પીવાની વાત નથી પણ પોલીસની નિષ્ફળતા છે. જો આટલી નજીક દારૂની મહેફિલો થતી હોય તો શું પોલીસ અજાણ હશે? શું કોઈ મિલીભગતથી આ બધું ચાલી રહ્યું છે? દારૂના સપ્લાયર્સ કોણ છે? આ ઘટનાના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચર્ચાઓએ જોર પકડ્યું છે. હવે જોવાનું એ રહેશે કે આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ શું સ્પષ્ટતા આપે છે. શું આ મામલાની તપાસ થશે કે પછી દર વખતની જેમ ભીનું સંકેલી લેવામાં આવશે? આ મામલે જવાબદાર સામે કડક કાર્યવાહીની માંગણી બળવત્તર બની છે.


રીપોર્ટ : કિરણકુમાર ગોહેલ

# બોડેલી: નવજીવન હાઈસ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ

**દૈનિક પલ્સ સમાચાર:** બોડેલીની નવજીવન હાઈસ્કૂલ, અલીપુરામાં બોર્ડની પરીક્ષા આપનાર ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી શુભેચ્છા સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયમાંથી મુક્ત કરી પ્રોત્સાહન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમમાં BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર બોડેલીના પૂજ્ય રત્નસ્વામી અને પૂજ્ય ક્ષમાશીલ સ્વામીએ વિશેષ હાજરી આપી હતી. પૂજ્ય રત્નસ્વામીએ જણાવ્યું કે સફળતા માટે સખત મહેનતની સાથે ભગવાનમાં અતૂટ શ્રદ્ધા હોવી પણ જરૂરી છે. સુપરવાઈઝર એસ. જે. અન્સારીએ વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં રાખવાની સાવચેતીઓ અને ઉત્તરવહી લખવાની પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું. આચાર્ય એકનાથ જાધવે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ શુભેચ્છા પાઠવી હતી.

શાળાના ટ્રસ્ટીઓ આશિષભાઈ પટેલ અને જતીનભાઈ પંચોલીએ પણ વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે વિશેષ ફોટો સેશન રાખવામાં આવ્યું હતું, જેમાં તેમણે પોતાના મિત્રો અને શિક્ષકો સાથે શાળા જીવનની અંતિમ ક્ષણોને કંડારી હતી. અંતમાં તમામ વિદ્યાર્થીઓએ સમૂહ અલ્પાહારનો આનંદ માણ્યો હતો. આધ્યાત્મિક આશીર્વાદ અને શૈક્ષણિક ટિપ્સ સાથેના આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે સજ્જ બન્યા છે.



રિપોર્ટ : સંજયસિંહ રણા

**બોડેલીની નવજીવન હાઈસ્કૂલમાં બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ યોજાયો. BAPSના પૂજ્ય રત્નસ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા, જ્યારે આચાર્ય અને સુપરવાઈઝરે પરીક્ષાના આયોજન અને તણાવમુક્તિ અંગે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.**